RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

26 January RepublicDay

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 183 Dt. 26-01-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# જાતી-વંશવાદી રાજકારણને આપો તિલાંજલિ : અમિત શાહ

## ઉત્તર પ્રદેશ વિધાનસભામાં ત્રીજી વખત વિજય વાવટો ફરકે તે માટે મતદારોને અનુરોધ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી શાહ

લખનઉ, તા.૨૫

ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ માટે પ્રચાર જંગની શરૂઆત કરતા કેન્દ્રના ગૃહ મંત્રી અમિત શાહે શાસક ભાજપ માટે મત આપવા રાજ્યના મતદારોને અપીલ કરી હતી. ગૃહ મંત્રીએ વંશીય રાજનીતિ રમવા બદલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીની ઝાટકણી કાઢી હતી. ઉત્તર પ્રદેશના ૭૭ માં સ્થાપના દિવસ ના ત્રણ દિવસના કાર્યક્રમનું ઉદઘાટન કરીયા બાદ મુખ્ય મહેમાન તરીકે બોલતા અમિત શાહે જણાવ્યું હતું કે લોકોએ જાતિ અને જ્ઞાતિના વિભાજન થી ઉપર ઊઠીને હવે વારસાઈનું રાજકારણ ખીલી રહેલા રાજકીય પક્ષોને સંપૂર્ણપણે જાકારો આપવો જોઈએ અને ફરીથી રાજ્યમાં કમળ ખીલવવું જોઈએ.

લખનઉ આવી પહોંચેલા ગૃહ મંત્રીએ કહ્યું હતું કે યુપી ૨૦૧૭ પહેલાથી બીમારું રાજ્ય તરીકે ઓળખાતું હતું પરંતુ ૨૦૧૭માં ભાજપની સરકાર રચાઈ ત્યારબાદ બિલકુલ પરિવર્તન આવી ગયું છે. દેશના હૃદય સમાન રાજ્ય ઉત્તર પ્રદેશ ને હવે આપણે વિકાસના એન્જિન તરીકે અને આવકની પુરાન્ત ધરાવતા રાજ્ય તરીકે ઓળખતા થયા છીએ.



યુપી ને લાગી ગયેલા બીમારુંનું કલંક ચાલુ રાખવા બદલ અગાઉની રાજ્ય સરકારો ઉપર ભારે પ્રહારો કરતા અમિત શાહે યુપીના વિકાસ અને પરિવર્તન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા યુપીના સીએમ યોગી આદિત્યનાથને સફળતાનો યશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે છેલ્લા સાત વર્ષમાં જે જોરદાર પરિવર્તન આવ્યું છે તેના માટે મોદીજીના નેતૃત્વ વાળી કેન્દ્ર સરકાર અને યોગીજીના નેતૃત્વ વાળી રાજ્ય સરકાર ને જ યશ આપવો રહ્યો. ડબલ એન્જિન સરકારને કારણે જ આ બધું શક્ય બન્યું છે અને કાયદો અને વ્યવસ્થાની સુધરી ગયેલી પરિસ્થિતિને કારણે વિકાસ શક્ય બન્યો છે.

ભાજપ ત્રીજી મુદત માટે પૂરી બહુમતી સાથે સત્તા પર પુનરાગમન કરે એ માટે ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપને મત આપવા તેમણે યુપીના મતદારોને અપીલ કરી હતી.

તેમણે કહ્યું હું યુપીના સ્થાપના દિવસે આપ સહુને એ અપીલ કરવા જ આવ્યો છું કે ભાજપને મત આપજો. ઉત્તર પ્રદેશના વિકાસ માટે અને યુવાનોના ભવિષ્ય માટે તેમજ દેશની સુરક્ષા માટે એ જરૂરી છે કે સંપૂર્ણ પૂરી બહુમતી સાથે ફરી એકવાર અહીં ભાજપની સરકાર બને. વારસાગત શાસન અને રાજનીતિમાં માનતા ત્રણ પક્ષો કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી રાજ્યનું કલ્યાણ કરી શકે તેમ નથી અને એ માત્ર ભાજપ જ કરી શકે. ઉત્તર પ્રદેશ એ હંમેશા દેશનું રક્ષણ કર્યું છે. પ્રજાએ ૨૦૧૪ તથા ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૨ માં ભાજપને ટેકો આપ્યો છે અને આવતા વર્ષે ચૂંટણીનું વર્ષ છે એટલે રાજ્યને આપણે ફરીથી સાચી દિશામાં લઈ જવાનું રહેશે.

### મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનું સૂચક વિધાન સૌથી મોટા પક્ષ ભાજપને મેયરનો હોદ્દો મળવો જોઈએ

# મુંબઈમાં ભાજપ જ મેયરપદને લાયક : ફડણવીસ

મુંબઈ, તા.૨૫

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટણીઓ પછી ઉપસી આવેલા ભાજપને મુંબઈના મેયર નો હોદ્દો મળવો જોઈએ,, જોકે એકનાથ સિં બે હ નો આગ્રહ એવો છે કે એ હોદ્દો શિવસેનાના સભ્ય ને મળવો જોઈએ; શક્તિશાળી એવી સ્ટેન્ડિંગ કમિટી અંગે પણ આ દ્વિધા ચાલુ રહી છે, શાસક મહાયુતીને બહુમતી મળી હોવા છતાં આ બંને હોદ્દા માટેની ચર્ચાઓ નું હજુ કોઈ પરિણામ આવ્યું નથી અને કોઈ નિરાકરણ મળ્યું નથી જેના કારણે કોર્પોરેટર નોંધણી માં પણ વિલંબ ઊભો થયો છે: મુખ્યમંત્રી દાવોસ થી પાછા ફરે તે પછી રાજકીય ચિત્ર સ્પષ્ટ થવાની ધારણા છે

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણ વિશે ફરીવાર એવું જાહેર કર્યું હતું કે બૃહદ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે બહાર આવ્યો છે એટલે મેયરના હોદ્દા માટે નો અધિકાર ભાજપને જ છે.

અત્યારે મહાનગરપાલિકાના મેયરના હોદ્દા માટેની વાટાઘાટો હજુ ચાલુ છે પરંતુ ચર્ચા મંત્રણા પછી પણ રાજકીય રીતે અનિશ્ચિતતા નું વાતાવરણ જળવાયેલું છે. સ્ટેન્ડિંગ કમિટી જે શક્તિશાળી ગણાય છે તેના વિશે પણ હજુ પણ સ્પષ્ટતા થઈ નથી.

મુખ્યમંત્રીએ મેયરના હોદ્દા માટે ભાજપનું જ નામ આગળ કર્યું છે ત્યારે સાથી પક્ષના નેતા એકનાથ સિંધી નો એવો આગ્રહ છે કે આ હોદ્દો શિવ સૈનિક ને જ મળવો જોઈએ અને એમનું કહેવું એવું છે કે શિવસેનાના સ્થાપક બાળ ઠાકરે ની જન્મ શતાબ્દીનું વર્ષ છે એટલે મેયરનો હદો શિવ સૈનિકને જ આપવો જોઈએ.



પરસ્પર અસમતિ માત્ર મેયરના હોદ્દા સુધી નથી પરંતુ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના હોદ્દા માટે પણ દ્વિધા ઉભી થઈ છે. ભારતની સૌથી સમૃદ્ધ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી ખૂબ જ શક્તિશાળી ગણાય. બંને હોદ્દા માટે જે મડા ગાંઠ ઊભી થઈ છે તેના નિરાકરણ માટે એકનાથ દ્વારા દિલ્હીમાં ભાજપની રાષ્ટ્રીય નેતાગીરી સાથે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી છે પરંતુ કોઈ નિરાકરણ નીકળ્યું નથી. બંને સાથી પક્ષો વચ્ચે સત્તાની વહેંચણી અંગેની કોઈ ફોર્મ્યુલા નક્કી થઈ નથી એટલે કોર્પોરેટર નોંધણીનું કામ પણ વિલંબમાં મુકાયું છે. ભાજપ તેની લાંબા સમયની તમન્ના પૂરી કરવા માટે મેયરનો હોદ્દો મેળવવા માંગે છે અને સાથે સાથે સ્ટેન્ડિંગ કમિટી ઉપર પણ અંકુશ ચાહે છે પરંતુ ગૃહનું જે ગણિત છે અને સંખ્યા બળનું જે ગણિત છે તેનાથી એમની હિલચાલ હજુ તાત્કાલિક સફળ થાય તેવી શક્યતા નથી. મુખ્યમંત્રી દાવોસ થી પરત આવે એ પછી જ રાજકીય ચિત્ર સ્પષ્ટ થશે તેવી ધારણા છે.

### ૭૭મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરતા દ્રૌપદી મુર્મુ

# દેશના વિકાસમાં મહિલાઓની ભાગીદારી મહત્વપૂર્ણ : રાષ્ટ્રપતિ



નવી દિલ્હી, તા. ૨૫

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે દેશના વિકાસમાં મહિલાઓની ‘‘સશક્ત ભાગીદારી‘‘ ના મહત્વ પર ભાર મૂક્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા તેમના ઉત્થાન માટે લેવામાં આવેલી મુખ્ય પહેલ પર પ્રકાશ પાડ્યો હતો. ૭૭મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધનમાં, રાષ્ટ્રપતિએ મહિલાઓને સશક્ત બનાવવા માટે ’બેટી બચાવો, બેટી પઢાઓ’ અભિયાન અને ’પ્રધાનમંત્રી જન ધન યોજના’ના યોગદાન પર ભાર મૂક્યો હતો. તેઓએ દેશના વિકાસ માટે મહિલાઓની સક્રિય અને સશક્ત ભાગીદારી અત્યંત મહત્વપૂર્ણ ગણાવી છે. તેમના સ્વાસ્થ્ય, શિક્ષણ, સલામતી અને આર્થિક સશક્તિકરણ તરફના રાષ્ટ્રીય પ્રયાસોએ ઘણા ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારીમાં વધારો કર્યો છે,‘‘ તેઓએ કહ્યું હતું કે ’બેટી બચાવો, બેટી પઢાઓ’ અભિયાને છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપ્યું છે.

’પ્રધાનમંત્રી જન ધન યોજના’ હેઠળ, અત્યાર સુધીમાં ૫૭ કરોડથી વધુ બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. આ ખાતાઓમાંથી લગભગ ૫૬ ટકા ખાતા મહિલાઓના છે,‘‘ તેણીએ ભાર મૂક્યો.મુર્મુએ વધુમાં ભાર મૂક્યો કે મહિલાઓએ સ્વ-સહાય જૂથોમાં સક્રિય યોગદાન અને કૃષિ, અવકાશ, સશસ્ત્ર દળો, સ્વરોજગાર, રમતગમત અને અન્ય ક્ષેત્રોમાં આશ્ચર્યજનક પ્રગતિ દ્વારા ‘‘પરંપરાગત રૂઢિપ્રયોગો તોડી નાખ્યા છે‘‘.‘‘આપણી મહિલાઓ પરંપરાગત રૂઢિપ્રયોગોને તોડીને આગળ વધી રહી છે.

# આસામમાંથી ૧૫ બાંગ્લાદેશીને હાંકી કઢાયા : હિમાંતા

## વધુ કડક પગલાં લેવાની પ્રતિજ્ઞા લેતા મુખ્યમંત્રી બિસવા : સુરક્ષા દળોની સતર્કતા અને જાગૃતિની પ્રશંસા કરી

ગુવાહાટી, તા.૨૫

આસામના મુખ્યમંત્રી હિમાંતા બીસવા સારમાં એ જાહેર કર્યું છે કે ૧૫ ગેર કાયદે બાંગ્લાદેશી વસાહતીઓને સફળતાપૂર્વક સરહદ પરથી પાછા ધકેલી દેવામાં આવ્યા છે. તેમણે સર મીડિયા પર પોસ્ટ મૂકી હતી અને કાર્યક્ષમ રીતે ઓપરેશન પાર પાડવામાં રાજ્યના સુરક્ષા દળોની સતર્કતા અને જાગૃતિ ની પ્રશંસા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે આસામ મધરાત્રિ સુધીની પાર્ટીઓ કરતું નથી માત્ર મધરાતે એવા લોકોને પાછા મોકલી આપે છે અને એવું જ બન્યું છે. અમારા સાવધ સુરક્ષા દળોએ ૧૫ ગેરકાયદે બાંગ્લાદેશીઓને આસાનીથી સરહદની પેલે પાર પાછા મોકલી આપ્યા હતા. આસામના આ મુદ્દા ઉપરના કડક વલણનો ખયાલ આપતા તેમણે કહ્યું હતું કે તમે યાદ રાખો. તમે તમારી શરતે આવો છો અને અમારી શરતે તમારે પાછા જવાનું રહેશે. સરહદો પર જાગૃત છીએ અને કાયદો તેની ફરજ બજાવી રહ્યો છે, ખૂબ શાનદાર કામ. ચોક્કસ કયા જિલ્લામાંથી ગેરકાયદે નાગરિકોને પકડી લેવામાં આવ્યા અને ઘૂસણખોરો કોણ હતા તેની કોઈ વધુ વિગતો મુખ્યમંત્રીએ જાહેર કરી નહોતી પરંતુ એ હકીકત સ્પષ્ટ બની છે કે બાંગ્લાદેશથી આવતા ગેરકાયદે વસાહતીઓ સામે આસામ સરકારની કડક કાર્યવાહી આગળ વધી રહી છે. મુખ્યમંત્રીએ વધુ કડક પગલાં લેવાનો શપથ લેતા કહ્યું હતું કે ગેરકાયદે વસાહતીઓ બારામાં અમારી નીતિ ૦ ટોલરન્સ ની છે. એટલે કે અમે એ જરા પણ સહન કરવાના નથી અને એવા તત્વો સામે કડક પગલાં લેવાનું રાજ્ય ચાલુ રાખશે.



### માત્ર ‘મિયા’ સમુદાયના લોકોને આસામમાંથી કાઢવામાં આવી રહ્યો છે

ગુવાહાટીઃ આસામના મુખ્યમંત્રી હિમાંતા વિશ્વા સારમાએ રવિવારે એવું જાહેર કર્યું હતું કે બંગાળી ભાષા બોલતા મિયા સમુદાયને જ રાજ્યમાંથી હટાવવામાં આવી રહ્યો છે. તેમણે મિયા સમુદાય નું તુ તુષ્ટીકરણ વિરોધ પક્ષો ઉપર આક્ષેપ મૂક્યો હતો અને કહ્યું હતું કે કોંગ્રેસના વડા મથકમાં તો આ સમુદાયના ટોળેટોળા ભેગા થયા છે અને ઉમટી રહ્યા છે પરંતુ આસામમાંથી માત્ર આમ મિયા સમુદાયના લોકોને જ કાઢવામાં આવી રહ્યા છે. આસામી લોકોને થોડા કાઢી શકાય છે? મિયા એ શબ્દો સામાન્ય રીતે અને મૂળભૂત રીતે આસામમાં રહેતા અને બંગાળી ભાષા બોલતા મુસ્લિમો માટે ઉપયોગમાં લેવાય છે અને કટાક્ષમાં બોલાય છે અને બિન બંગાળી ભાષા લોકો આવા લોકોને સામાન્ય રીતે બાંગ્લાદેશી વસાહતી માને છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગુવાહાટી હિલ્સ વિસ્તારમાંથી લોકોને હટાવવાની કોઈ કાર્યવાહી થઈ રહી નથી અને એ બધી મીડિયાની ઉપજ છે. તેમણે કહ્યું હતું કે આસામમાં દસ વર્ષથી ભાજપ સત્તા ઉપર છે એટલે હીલ વિસ્તારમાં ક્યાં આવો ઓપરેશન હાથ ધરાયું છે? આતો હિલ્સની આસપાસ રહેતા માત્ર મિયા સમુદાયના લોકોને નોટિસો આપવામાં આવી છે અને આસામના મૂળ મુસ્લિમોને કે અન્ય સમુદાયને કોઈ નોટિસો અપાય નથી.

# ભારે કરી : ભાજપના નેતા મહારાષ્ટ્રના, મતદાર પશ્ચિમ બંગાળના!

## હરીફ પક્ષો વચ્ચે શાબ્દિક ટપાટપી શરૂ : SIRની કામગીરી સતત વિવાદમાં : રાજકીય ગરમાવો ચરમ સીમાએ

નવીદિલ્હી, તા. ૨૫

મહારાષ્ટ્રના ભાજપના એક નેતા નું નામ પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં જોવા મળતા પશ્ચિમ બંગાળના બિરભૂમ જિલ્લામાં રાજકીય રીતે ભારે મોટી હલચલ મચી જવા પામી છે. મતદાર યાદીઓની ખૂબ જ ઝીણવટ ભરી અને ઊંડી ચકાસણીની પ્રક્રિયા દરમિયાન ભાજપના મહારાષ્ટ્રના નેતા નું નામ બંગાળમાં ડુબરાજપુર નગરપાલિકાના મતદાર યાદીમાં મતદાર તરીકે જોવા મળતા હરીફ પક્ષો વચ્ચે શાબ્દિક તણખા ઝરવા લાગ્યા છે. આ અંગે સામસામા આક્ષેપો થઈ રહ્યા છે.

જિલ્લાના ચૂંટણી અધિકારીઓએ એ હકીકતનું સમર્થન કર્યું હતું કે મહારાષ્ટ્રમા યોજાયેલી જિલ્લા પરિષદની ચૂંટણીના ભાજપના ઉમેદવાર ઉજ્જવલા બોરુગ લે નું ડુબ રાજપુર નગરપાલિકાના વોર્ડ નંબર ૧૨ ની મતદાર યાદીમાં પણ જોવા મળ્યું હતું આથી તાત્કાલિક આ વિસ્તારમાં રાજકીય રીતે ગરમાવો આવી ગયો હતો અને તનાવ સર્જાયો હતો.




ઉજ્વલા મહારાષ્ટ્રના નાસિક વિસ્તારના છે અને કયા મતદાર તરીકે નોંધાયેલા છે એટલું જ નહીં ૨૦૨૬ની જિલ્લા પરિષદ ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવાર પણ રહ્યા છે. આ મહિલા નેતા નું નામ પશ્ચિમ બંગાળમાં ૨૦૨૫ ની મતદાર યાદીઓમાં જોવા મળતા ડુપ્લીકેટ નોંધણી અંગેના અનેક ગંભીર સવાલો ઊભા થયા છે.

ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉજ્જૂલા એ એસઆઈઆર નોંધણી કવાયત દરમિયાન મતદાર તરીકેનું પોતાનું નોંધણી ફોર્મ રજૂ કર્યો હતો અને એ પછી એમની મતદાર તરીકેની ક્ષતિઓ ની વિગતો બહાર આવી હતી અને તેના કારણે તેમને નોટિસ પણ ફટકારવામાં આવી છે. બંગાળમાં એક નગરપાલિકા જેનું નામ ડુબરાજપુર છે એ બિરભૂમ જિલ્લામાં આવેલી છે અને એ નગરપાલિકાના વોર્ડ નંબર ૧૨ માં એમનો મતદાર તરીકે નામ જોવા મળતા એમને નોટિસ અપાઈ છે.

આ પ્રકરણનો મુદ્દો ઉઠાવીને શાસક ટીએમસી દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા બનાવટી અને ખોટા નામો ઉમેરી દેવા કાવતરું કરવામાં આવી રહ્યું છે એવી લાંબા સમયથી અમે જે ફરિયાદ કરી છે તેને આ ઘટનાથી વજન મળ્યો છે અને સમર્થન મળ્યું છે. બહારના રાજ્યોના મતદારોના નામો અહીં ઘુસાડીને મતદારોની સંતુલનની પ્રક્રિયાને બગાડી નાખવા માટે ભાજપ પ્રયાસ કરી રહ્યો છે તેવો ટીએમસી ના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો. પક્ષના એક સ્થાનિક નેતાએ જણાવ્યું હતું કે ભાજપ પશ્ચિમ બંગાળની મતદાર યાદીઓમાં ગેરકાયદે નામોને ઘુસાડી દેવા માટે પ્રયત્નો કરી રહ્યો છે તેનો આ ચોખ્ખો પુરાવો છે. મુખ્યમંત્રી મમતા બેનરજી અગાઉ પણ અનેક વખત આવા કાવતરા સામે સાવધ રહેવાની ચેતવણી આપી જ છે અને અમે આ પ્રકરણ અંગે પણ ચૂંટણી પંચ સમક્ષ જવાના છીએ અને ઊંડી તપાસની માંગણી કરશું.

ભાજપે રાબેતા મુજબ આક્ષેપો નકારી કાઢ્યા હતા અને નિષ્પક્ષ તપાસની માગણી કરી હતી. ડુબ રાજપુરના ભાજપના ધારાસભ્ય અનુપ સા હા એ જણાવ્યું હતું કે ચૂંટણી પંચ આ બાબતની તપાસ કરશે તેમનું નામ બે સ્થળે કેવી રીતે આવી ગયું? તેની તપાસ થવી જોઈએ અને અમે પણ ચૂંટણી પંચને તપાસ કરવાની વિનંતી કરશું.

એવી વિગતો પણ બહાર આવી જ છે કે ઉજ્જવલા મૂળ તો મહારાષ્ટ્રના સોલાપુરના વતની છે અને એમના પતિ અપાશંકર બુરુંગ લે ૧૭ વર્ષ પહેલાં સોના ચાંદીના વ્યવસાય માટે બંગાળના ડુબ્રાજપુર વિસ્તારમાં સ્થાયી થયા હતા એટલે ઉજ્જવલાનું નામ અહીં પણ નોંધાયું હોય એ શક્ય બને છે. જોકે આ પ્રકારે ડુપ્લીકેટ નામોની ઘણી ફરિયાદો ઉઠી રહી છે.

### પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રજા

**પ્રજાસત્તાક દિન નિમિત્તે ‘રાજકોટ મિરર’ કાર્યાલય રજા પાળશે. તા. ૨૭નો અંક પ્રસિદ્ધ થશે નહિ, જેની સુજ્ઞ વાચકો અને વિજ્ઞાપનકારોએ નોંધ લેવી. તા. ૨૮નો અંક રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે.**

**- તંત્રીશ્રી**

# પેઈનકિલર્સનો સતત ઉપયોગ
# આંતરિક અવયવોને પહોંચાડે છે અસર

## પેઈનકિલર્સ શરીરમાં બળતરા અને દુખાવો ઘટાડવાનું કામ કરે છે, પરંતુ જો લાંબા સમય સુધી લેવામાં આવે તો, તે કિડનીની રક્તવાહિનીઓને અસર કરે છે

રાજકોટ, તા. ૨૫

આજકાલ, માથાનો દુખાવો, કમરનો દુખાવો, સાંધાનો દુખાવો, કે નાની ઈજાઓ માટે પેઈનકિલર્સ લેવાનું સામાન્ય બની ગયું છે. ઘણા લોકો ડોક્ટરની સલાહ લીધા વિના લાંબા સમય સુધી તેનું સેવન ચાલુ રાખે છે. શરૂઆતમાં, આ દવાઓ રાહત આપે છે, પરંતુ સતત ઉપયોગ શરીરના આંતરિક અવયવો, ખાસ કરીને કિડની અને લીવર પર ધીમે ધીમે અસર કરી શકે છે, કારણ કે આ તે અવયવો છે જેના દ્વારા દવાઓ બહાર કાઢવામાં આવે છે. લોકો ઘણીવાર પીડા ઓછી થયા પછી પેઈનકિલર્સ સલામત હોવાનું માની લે છે અને તેમની આડઅસરોને અવગણે છે. આ બેદરકારી પછીથી ગંભીર સમસ્યાઓ તરફ દોરી શકે છે. તેથી, એ સમજવું મહત્વપૂર્ણ છે કે પેઈનકિલર્સ શરીરમાં કેવી રીતે કાર્ય કરે છે. ઉપરાંત, પેઈનકિલર્સ કિડની અને લીવર પર કેવી અસર કરે છે અને તેના લક્ષણોને પણ સમજો. પેઈનકિલર્સ શરીરમાં બળતરા અને દુખાવો ઘટાડવાનું કામ કરે છે, પરંતુ જો લાંબા સમય સુધી લેવામાં આવે તો, તે કિડનીની રક્તવાહિનીઓને અસર કરી શકે છે. આ કિડનીમાં રક્ત પ્રવાહ ઘટાડી શકે છે અને તેમની કામગીરીને બગાડી શકે છે.



યકૃતનું કામ દવાઓને તોડીને શરીરમાંથી બહાર કાઢવાનું છે. સતત પેઈનકિલર્સ લેવાથી યકૃત પર વધારાનો ભાર પડે છે, જે યકૃતના કોષોને નુકસાન પહોંચાડી શકે છે. કેટલાક કિસ્સાઓમાં, તે બળતરા, ફેટી લીવર અથવા લિવર એન્ઝાઈમમાં વધારો પણ કરી શકે છે. જે લોકોને પહેલાથી કિડની કે લીવરની સમસ્યા હોય છે તેઓ ખાસ કરીને જોખમમાં હોય છે. જો કિડની કે લીવરને અસર થાય છે, તો ચોક્કસ લક્ષણો દેખાઈ શકે છે. વારંવાર થાક લાગવો, પગ કે ચહેરા પર સોજો આવવો, પેશાબ ઓછો થવો કે રંગ બદલાઈ જવો એ કિડનીની સમસ્યા સૂચવી શકે છે. લીવરને નુકસાન થવાથી ભૂખ ન લાગવી, ઉબકા આવવા, પેટના ઉપરના ભાગમાં દુખાવો અને આંખો કે ત્વચા પીળી પડવી જેવા લક્ષણો પણ થઈ શકે છે. ક્યારેક, કોઈ ગંભીર પીડા વિના આંતરિક નુકસાન થાય છે, તેથી હળવા લક્ષણોને અવગણવા જોઈએ નહીં. આ દિવસોમાં પેઈનકિલરનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. લાંબા ગાળાના ઉપયોગથી ઘણા મહત્વપૂર્ણ અંગો પર અસર થઈ શકે છે.

## મોબાઈલ ફોન અથવા લેપટોપનો લાંબા સમય સુધી ઉપયોગ, અયોગ્ય બેસવાની મુદ્રા, ભારે વજન ઉપાડવું અથવા અચાનક શ્રમ કારણભૂત

# હાથ-ખભામાં સતત દુ:ખાવો એ કેટલો યોગ્ય?

રાજકોટ, તા. ૨૫

હાથ અને ખભામાં સતત દુખાવો સામાન્ય થાક અથવા રોજિંદા પ્રવૃત્તિઓની અસરોને કારણે થઈ શકે છે. મોબાઈલ ફોન અથવા લેપટોપનો લાંબા સમય સુધી ઉપયોગ, અયોગ્ય બેસવાની મુદ્રા, ભારે વજન ઉપાડવું અથવા અચાનક શ્રમ એ સામાન્ય કારણો છે. જો કે, જ્યારે આ દુખાવો લાંબા સમય સુધી વારંવાર થાય છે અથવા ચાલુ રહે છે, ત્યારે તે અંતર્ગત સમસ્યા સૂચવી શકે છે. ઘણા લોકો તેને અવગણે છે અને પેઈનકિલર્સનો આશરો લે છે, આમ મૂળ કારણ છુપાવે છે. ઉંમર વધવા સાથે સ્નાયુઓ અને સાંધામાં નબળાઈ પણ હાથ અને ખભાના દુખાવામાં વધારો કરી શકે છે. વધુમાં, ચેતા, હાડકાં અથવા બળતરા સંબંધિત સમસ્યાઓ પણ સતત દુખાવો પેદા કરી શકે છે. દુખાવાને અવગણવાને બદલે, તેના મૂળ કારણોને સમજવું મહત્વપૂર્ણ છે જેથી સમયસર અને યોગ્ય સારવાર આપી શકાય. સતત હાથ અને ખભાના દુખાવાને અનેક રોગો સાથે જોડી શકાય છે. સર્વાઈકલ સ્પોન્ડિલાઈટિસમાં, ગરદનના ચેતા પર દબાણથી દુખાવો થઈ શકે છે જે હાથ અને ખભા સુધી ફેલાય છે. સંધિવામાં, સાંધામાં સોજો અને જડતાને કારણે દુખાવો ચાલુ રહે છે.



ફ્રોઝન શોલ્ડર ખભાની ગતિને મર્યાદિત કરે છે અને તીવ્ર પીડાનું કારણ બને છે. ચેતા સમસ્યાઓ, જેમ કે પિંચ્ડ નર્વ, પણ કળતરનો દુખાવો પેદા કરી શકે છે. ક્યારેક, હૃદયની સમસ્યાઓ ડાબા હાથ અને ખભામાં પણ દુખાવો પેદા કરી શકે છે, જેને હળવાશથી ન લેવી જોઈએ. હાથ અને ખભાના દુખાવા સાથે અન્ય લક્ષણો પણ હોઈ શકે છે, જેમાં ગરદન અથવા પીઠમાં જડતા, હાથમાં નિષ્ક્રિયતા અથવા કળતર, નબળાઈ, સોજો અથવા હલનચલનમાં મુશ્કેલીનો સમાવેશ થાય છે. કેટલાક કિસ્સાઓમાં, માથાનો દુખાવો, ચક્કર અથવા થાક પણ થઈ શકે છે.

જો સમસ્યા ચેતા સંબંધિત હોય, તો આંગળીઓમાં કળતર વધી શકે છે. બળતરા રોગોમાં, સાંધામાં લાલાશ અથવા ગરમી પણ જોવા મળી શકે છે. આ લક્ષણો સમસ્યાની ગંભીરતા સૂચવી શકે છે. જો હાથ અને ખભાનો દુખાવો થોડા દિવસોમાં ઓછો ન થાય, વધુ ખરાબ થતો રહે, અથવા દૈનિક પ્રવૃત્તિઓમાં દખલ કરે, તો ડોક્ટરનો સંપર્ક કરવો મહત્વપૂર્ણ છે. જો પીડા નિષ્ક્રિયતા, નબળાઈ, સોજો અથવા છાતીમાં દુખાવો સાથે હોય, તો તાત્કાલિક તબીબી સહાય લેવી સલાહભર્યું છે. વારંવાર પેઈનકિલર્સ પર આધાર રાખવો તે સમજદારીભર્યું નથી. સમયસર તબીબી સલાહ સ્થિતિનું યોગ્ય રીતે નિદાન કરવામાં અને ગંભીર ગૂંચવણોને રોકવામાં મદદ કરી શકે છે. સતત હાથ અને ખભાનો દુખાવો એક સામાન્ય સમસ્યા જેવું લાગે છે, પરંતુ તે ઘણીવાર અંતર્ગત સ્વાસ્થ્ય સમસ્યાનું સંકેત હોઈ શકે છે. તેથી, તેને અવગણવું શ્રેષ્ઠ નથી.

## દૂધમાં રહેલું વિટામિન ડી શરીરમાં કેલ્શિયમને શ્રેષ્ઠ રીતે કાર્ય કરવામાં કરે છે મદદ

# દૂધ ખરાઅર્થમાં કેલ્શિયમની કમી પૂરી કરે છે?

રાજકોટ, તા. ૨૫

બાળપણથી જ આપણને દૂધ પીવાની સલાહ આપવામાં આવે છે કારણ કે તે શારીરિક વિકાસ અને શક્તિ સાથે જોડાયેલું છે. જીવનશૈલી અને ખાવાની આદતોમાં ફેરફાર છતાં, દૂધને પોષણનો સલામત સ્ત્રોત માનવામાં આવે છે. ખાસ કરીને જ્યારે હાડકા અને દાંતના સ્વાસ્થ્યની વાત આવે છે, ત્યારે તે ઘણીવાર સૌથી પહેલા ધ્યાનમાં આવે છે. તે જ સમયે, કેલ્શિયમની ઉણપ સંબંધિત સમસ્યાઓ પણ વધી રહી છે, જેના કારણે લોકો તેમના આહાર પ્રત્યે વધુ સતર્ક બને છે. આનાથી એ પ્રશ્ન વધુ મહત્વપૂર્ણ બને છે કે શું દરરોજ દૂધ પીવું કેલ્શિયમની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પૂરતું છે. ઘણા લોકો માને છે કે દૂધ કેલ્શિયમની જરૂરિયાતોને પૂર્ણ કરે છે, જ્યારે અન્ય લોકો મૂંઝવણમાં રહે છે. આ જ કારણ છે કે દૂધ અને કેલ્શિયમ વિશે સચોટ માહિતી હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચાલો જાણીએ કે શું દૂધ ખરેખર કેલ્શિયમની ઉણપને પૂર્ણ કરી શકે છે. એક ગ્લાસ દૂધ પીવાથી શરીરને સારી માત્રામાં કેલ્શિયમ મળે છે, જે સરળતાથી શોષાય છે. દૂધમાં રહેલું વિટામિન ડી શરીરમાં કેલ્શિયમને શ્રેષ્ઠ રીતે કાર્ય કરવામાં મદદ કરે છે. આ કારણોસર, હાડકાં અને દાંતને મજબૂત બનાવવા માટે દૂધને ફાયદાકારક માનવામાં આવે છે.



જો કે, કેલ્શિયમની જરૂરિયાતો વ્યક્તિએ વ્યક્તિએ બદલાય છે. તે ઉંમર, લિંગ, જીવનશૈલી અને સ્વાસ્થ્ય પર આધાર રાખે છે. જો કેલ્શિયમની ઉણપ ગંભીર હોય, તો માત્ર દૂધ પીવું પૂરતું નથી. આવા કિસ્સાઓમાં, દૂધની સાથે દહીં, પનીર, લીલા પાંદડાવાળા શાકભાજી, તલ અને બદામ જેવા ખોરાકનો સમાવેશ કરવો મહત્વપૂર્ણ છે. આ શરીરને વિવિધ સ્ત્રોતોમાંથી કેલ્શિયમ પૂરું પાડે છે. એકંદરે, દૂધ કેલ્શિયમની ઉણપને પૂર્ણ કરવામાં મદદ કરે છે, પરંતુ સંતુલિત આહાર વિના, તેને સંપૂર્ણપણે દૂર કરવું મુશ્કેલ બની શકે છે. સામાન્ય રીતે, સ્વસ્થ પુખ્ત વયના લોકો માટે દરરોજ બે ગ્લાસ દૂધ (૪૦૦ થી ૫૦૦ મિલી) પૂરતું માનવામાં આવે છે. આ દૈનિક કેલ્શિયમની જરૂરિયાતનો મોટો ભાગ પૂર્ણ કરી શકે છે. બાળકો, કિશોરો અને સગર્ભા સ્ત્રીઓને તેમની જરૂરિયાતો અનુસાર માત્રા વધારવાની જરૂર પડી શકે છે. લેક્ટોઝ અસહિષ્ણુતા ધરાવતા લોકોએ ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. ધ્યાનમાં રાખો કે વધુ પડતું દૂધ પીવું ફાયદાકારક નથી; સંતુલન જાળવવું જરૂરી છે. દરરોજ દૂધ પીવું એ ઘણા લોકોના આહારનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ પ્રશ્ન ઉભો કરે છે: શું દૂધ પીવાથી ખરેખર કેલ્શિયમની ઉણપ દૂર કરવામાં મદદ મળી શકે છે?

# હૃદયરોગના હુમલા પછી પણ હૃદયમાં પોતાને સુધારવાની ક્ષમતા હોય

## મેડિકલ જર્નલ સર્ક્યુલેશન રિસર્ચમાં પ્રકાશિત થયું સંશોધન

રાજકોટ, તા. ૨૫

હૃદયરોગના હુમલાથી હૃદયને કાયમી નુકસાન થાય છે તેવું ઘણીવાર માનવામાં આવે છે. જોકે, સંશોધન સૂચવે છે કે માનવ હૃદયને આ નુકસાન કામચલાઉ અને સુધારી શકાય તેવું છે. ઓસ્ટ્રેલિયાના નવા સંશોધન આ ખ્યાલને પડકારે છે. આ અભ્યાસ દર્શાવે છે કે હૃદયના પેશીઓમાં હૃદયરોગના હુમલા પછી પોતાને સુધારવાની ક્ષમતા હોય છે, જેનાથી તે ધીમે ધીમે પોતાને સુધારવામાં સક્ષમ બને છે. આ સંશોધન પ્રતિષ્ઠિત મેડિકલ જર્નલ સર્ક્યુલેશન રિસર્ચમાં પ્રકાશિત થયું હતું. હૃદયરોગનો હુમલો ત્યારે થાય છે જ્યારે હૃદયને લોહી પહોંચાડતી રક્ત વાહિનીઓમાં અવરોધ આવે છે. આ હૃદયના સ્નાયુને ઓક્સિજનથી વંચિત રાખે છે, જેના કારણે હૃદયના કોષો મૃત્યુ પામે છે. આ સ્ટ્રોક તરફ દોરી જાય છે, જે ઘણીવાર મૃત્યુ તરફ દોરી શકે છે.



આનું કારણ એ છે કે હૃદયરોગના હુમલા પછી કાર્ડિયાક અરેસ્ટ પણ થઈ શકે છે, જે મૃત્યુ તરફ દોરી શકે છે. જ્યારે શરીર ડાઘ પેશી બનાવીને વળતર આપે છે, તે સ્નાયુ પેશીઓને પુનઃસ્થાપિત કરી શકતું નથી. જો કે, સંશોધન સૂચવે છે કે કોષો ફરીથી ઉત્પન્ન થઈ શકે છે.

સંશોધન મુજબ, માનવ હૃદયમાં નવા સ્નાયુ કોષો બનાવવાની પ્રક્રિયા હૃદયરોગના હુમલા પછી શરૂ થાય છે. અભ્યાસના પ્રથમ લેખક અને સિડની યુનિવર્સિટીના કાર્ડિયોલોજિસ્ટ ડો. રોબર્ટ હ્યુમના જણાવ્યા અનુસાર, ''અત્યાર સુધી, તબીબી વિજ્ઞાન માનતું હતું કે હૃદયના હુમલા પછી નુકસાન પામેલા હૃદયનો ભાગ ક્યારેય સાજો થઈ શકતો નથી. આ જ કારણ છે કે હૃદયના દર્દીઓને વધારાની સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવતી હતી. જો કે, અમારા સંશોધન દર્શાવે છે કે ડાઘ હોવા છતાં, નવા કોષો અને સ્નાયુઓ વિકસી શકે છે, જે ભવિષ્યમાં હૃદય રોગનું જોખમ ઘટાડી શકે છે. જો કે, આ હૃદયને સંપૂર્ણપણે સુધારવા માટે પૂરતું નથી.'' તેમણે ઉમેર્યું કે આ સમારકામ પ્રક્રિયા હૃદયમાં થાય છે, પરંતુ તે ખૂબ જ ધીમી છે, અને હૃદયને થયેલા ગંભીર નુકસાનની સંપૂર્ણ ભરપાઈ કરી શકતી નથી. તેથી, ભવિષ્યમાં અમારું લક્ષ્ય એવી ઉપચાર પદ્ધતિઓ વિકસાવવાનું છે જે હૃદયની ક્ષમતામાં વધારો કરી શકે.

# વારંવાર આંખોમાંથી પાણી નીકળે તો અવગણશો નહીં

## સતત પાણી નીકળતી આંખો એલર્જી, ચેપ અથવા આંખની નળીઓમાં અવરોધ જેવી સમસ્યાઓ સાથે સંકળાયેલી હોઈ શકે છે

રાજકોટ તા. ૨૫

ઘણા લોકો વારંવાર આંખોમાંથી પાણી નીકળવાનો અનુભવ કરે છે. વારંવાર આંખોમાંથી પાણી નીકળવું એ સામાન્ય સમસ્યા લાગે છે, પરંતુ તે ક્યારેક કોઈ તબીબી સ્થિતિનું લક્ષણ હોઈ શકે છે. ધૂળ, ધુમાડો, જોરદાર પવન અથવા લાંબા સમય સુધી સ્ક્રીન પર રહેવું આંખોમાં બળતરા પેદા કરી શકે છે અને તેમાંથી પાણી નીકળવાનું કારણ બની શકે છે. જો કે, જો આ સમસ્યા વારંવાર થાય છે અથવા લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો તેને અવગણવું નહીં. સતત પાણી નીકળતી આંખો એલર્જી, ચેપ અથવા આંખની નળીઓમાં અવરોધ જેવી સમસ્યાઓ સાથે સંકળાયેલી હોઈ શકે છે. આ સમસ્યા ક્યારેક વૃદ્ધત્વ સાથે પણ જોવા મળે છે. વધુમાં, આંખની સપાટીની શુષ્કતા શરીરને વધુ આંસુ ઉત્પન્ન કરવા માટે દબાણ કરી શકે છે, જેના કારણે આંખોમાંથી પાણી નીકળે છે. કારણ વહેલા ઓળખવાથી આંખને ગંભીર નુકસાન થતું અટકાવી શકાય છે. તેથી, એ સમજવું મહત્વપૂર્ણ છે કે વારંવાર પાણી નીકળતી આંખો કયા રોગોનું લક્ષણ હોઈ શકે છે. વારંવાર પાણી નીકળતી આંખો ઘણી પરિસ્થિતિઓ સાથે સંકળાયેલી હોઈ શકે છે. ખંજવાળ, લાલાશ અને પાણી નીકળતી આંખો એ એલર્જીક નેત્રસ્તર દાહના સામાન્ય લક્ષણો છે. આંખના ચેપથી પણ વધુ પડતું આંસુ આવી શકે છે. સૂકી આંખમાં, શરીર સૂકી આંખોને કારણે વધુ આંસુ ઉત્પન્ન કરે છે, જેના કારણે આંખોમાંથી પાણી નીકળે છે.



આંસુ નીકળતી નળીમાં અવરોધને કારણે પણ સતત પાણી નીકળવાની સમસ્યા થઈ શકે છે. પોપચા અંદરની તરફ કે બહારની તરફ વળવા, આંખમાં ઈજા થવાથી, અથવા આંખમાં કોઈ વિદેશી કણ પ્રવેશવાથી. કેટલાક કિસ્સાઓમાં, સાઈનસની સમસ્યા અથવા વૃદ્ધત્વ પણ આંખોમાં પાણી લાવી શકે છે. તેથી, તેનું ચોક્કસ કારણ ઓળખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તમારી આંખો વારંવાર પાણી આપતી હોય, તો પહેલા તેમને ઘસવાનું ટાળો. તમારી આંખોને ધૂળ અને ધુમાડાથી બચાવો. સ્ક્રીન પર કામ કરવાથી આંખોમાં બળતરા થઈ શકે છે. જો સમસ્યા ચાલુ રહે, તો સ્વ-દવા લેવાને બદલે આંખના ડોક્ટરની સલાહ લો. ડોક્ટરો જરૂર મુજબ આંખના ટીપાં અથવા સારવારની ભલામણ કરી શકે છે. સમયસર સારવારથી આંખની ગંભીર સમસ્યાઓ અટકાવી શકાય છે. તમારી આંખોને થોડો આરામ આપો. ઘણા લોકોને વારંવાર પાણી આવતી આંખોનો અનુભવ થાય છે. આવી સ્થિતિમાં, તેને હળવાશથી ન લેવું જોઈએ અને અવગણવું જોઈએ નહીં, કારણ કે તે ઘણા છુપાયેલા રોગોનું લક્ષણ હોઈ શકે છે.

## ઠંડીનું વાતાવરણ રોગપ્રતિકારક શક્તિને નબળી બનાવી શકે છે. સામાન્ય શરદી અથવા ફ્લૂ સાઈનસાઈટિસ અથવા કાનના ચેપમાં વિકસી શકે છે

# શિયાળામાં સાઈનસની સમસ્યા કેમ વધે છે?

રાજકોટ તા. ૨૫

શિયાળા દરમિયાન ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ વધી જાય છે. આમાંની એક સાઈનસની સમસ્યા છે. સાઈનસની સમસ્યા ખૂબ જ મુશ્કેલીકારક હોઈ શકે છે, જેના કારણે સતત શરદી અને ફ્લૂ થાય છે. વધુમાં, ઠંડીનું વાતાવરણ રોગપ્રતિકારક શક્તિને નબળી બનાવી શકે છે. સામાન્ય શરદી અથવા ફ્લૂ સાઈનસાઈટિસ અથવા કાનના ચેપમાં વિકસી શકે છે. જો તાત્કાલિક સારવાર ન કરવામાં આવે તો, આ કાનના ચેપ તરફ દોરી શકે છે. શિયાળા દરમિયાન નાકના મ્યુકસ મેમ્બ્રેન સુકાઈ જાય છે, જેના કારણે સાઈનસમાં લાળનો યોગ્ય નિકાલ થતો નથી. આ નાકમાં ભીડ અને સાઈનસ બ્લોકેજ વધવાનું કારણ છે. સાઈનસની સમસ્યાઓને ઘણીવાર અવગણવામાં આવે છે. જોકે તેને સામાન્ય સમસ્યા માનવામાં આવે છે, તે ઘણા લોકોમાં કાનમાં ચેપનું કારણ પણ બની શકે છે અને નાકમાં



ભીડ પણ થઈ શકે છે. આ નાકના માર્ગોમાં લાળના સંચયને કારણે છે. જો તે લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો તે પટલ બનાવી શકે છે. આવી સ્થિતિમાં, સર્જરીની જરૂર પડી શકે છે.

જે લોકોને વારંવાર સાઈનસની સમસ્યાનો અનુભવ થાય છે તેઓએ ખાસ કરીને સતર્ક રહેવાની જરૂર છે. વધુમાં, એલર્જી, અસ્થમા અને વારંવાર શરદીથી પીડાતા લોકોએ શિયાળા દરમિયાન ખાસ સાવધાની રાખવી જોઈએ. ધૂમ્રપાન કરનારાઓ પણ જોખમમાં હોઈ શકે છે, કારણ કે ધૂમ્રપાન નાકના અસ્તરને નુકસાન પહોંચાડે છે. તેથી, જો તમને સાઈનસની સમસ્યા હોય, તો તમારે તાત્કાલિક ધૂમ્રપાન છોડી દેવું જોઈએ. આમ ન કરવાથી માથાનો દુખાવો, કાનમાં દુખાવો અને ચક્કર આવવાની સમસ્યા થઈ શકે છે. શિયાળાની ઋતુમાં સાઈનસની સમસ્યા વધુ ખરાબ થાય છે, જેના કારણે વિવિધ પ્રકારની સમસ્યાઓ થાય છે.

# અસામાન્ય યોગદાન આપનારા ૪૫ આમ આદમીને પદ્મશ્રી એનાયત

## લોકોને મફત વાંચન મળે એ માટે એકલા હાથે વિશ્વની સૌથી મોટી લાઇબ્રેરીનું સર્જન કરનાર પૂર્વ બસ કંડક્ટર, માનવ દૂધ બેંક ઊભી કરનાર બાળ ચિકિત્સકથી માંડીને કલા અને સામાજિક સેવાના ક્ષેત્રોમાં અભૂતપૂર્વ યોગદાન આપનાર દેશના નાગરિકોનું આવી રીતે બહુમાન કરાયું : માનભટ્ટના નિષ્ણાંત ધાર્મિક લાલ ચુનીલાલ પંડ્યાને પદ્મ એવોર્ડઃ સામાન્ય નાગરિકોને દેશના શ્રેષ્ઠ એવોર્ડથી નવાજવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૨૫

આપણા દેશના ગણતંત્ર દિવસ ના પવિત્ર પ્રસંગે આજે રવિવારે ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ દેશના વિવિધ ક્ષેત્રોમાં અસામાન્ય યોગદાન આપનાર એવા અજ્ઞાત વીરોનું ઋણ ચૂકતે કરવાનો દેશ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે અને અસાધારણ સેવા અને સમર્પણ નો ઈતિહાસ રચનાર અને કોઈ પ્રસિદ્ધિ વિના પોતપોતાના ક્ષેત્રમાં મૂંગા મોઢે મહાન યોગદાન આપનાર એ અસામાન્ય કામગીરી કરનારા સામાન્ય નાગરિકોને પદ્મશ્રી એવોર્ડ થી નવાજવામાં આવ્યા છે અને એમના યોગદાનની આ રીતે રાષ્ટ્ર દ્વારા અભૂતપૂર્વ રીતે કદર કરવામાં આવી છે.

મોદી સરકાર દ્વારા આવી રીતે દેશના એક ટોચના સન્માનથી સામાન્ય નાગરિકોને વિભૂષિત કરવાનું પગલું અત્યંત અનોખો અને પ્રશંસનીય બની રહ્યું છે. આવો સામાન્ય નાગરિકોએ કયા ક્ષેત્રમાં કેવું યોગદાન આપ્યું અને શા માટે એમને પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો તેની થોડી ઝલક અત્રે પ્રસ્તુત કરાઈ છે.

અંકે ગૌડા એક પૂર્વ બસ કંડકટર છે. એમણે લોકોને નિશુલ્ક વાંચનનો લાભ મળે એ માટે એકલા હાથે વિશ્વની સૌથી મોટી નિશુલ્ક લાઇબ્રેરી નું સર્જન કર્યું છે. પુસ્તક માને શીર્ષક સાથેની આ લાઇબ્રેરીમાં ૨૦ ભાષાઓમાં લખાયેલા લગભગ ૨૦ લાખ જેટલા પુસ્તકોનો એમણે સંગ્રહ કર્યો છે અને એમાંના કેટલાક પુસ્તકો તો વિવિધ વિષયની કદી જોવા ન મળે એવી અલગભ્ય હસ્તક કૃતિઓ પણ છે અને તેની હસ્તપ્રતો પણ એમણે પોતાની લાઇબ્રેરીમાં વસાવી છે. એમના યોગદાનની પદ્મશ્રીના રૂપમાં ભારતે કદર કરી છે.



એ જ રીતે ૭૫ વર્ષની વયના પુસ્તક પ્રેમી જે કર્ણાટકના મૈસુરું પાસેના હરલાખલ્લી ગામના રહેવાસી છે. એમને જ્ઞાનપીપાશુ લોકોની જ્ઞાનની તલબ અને તરસ છીપાવવાના અભૂતપૂર્વ યોગદાન બદલ પદ્મશ્રી અપાયું છે.

મુંબઈના બાળ ચિકિત્સક અરમીદા ફર્નાન્ડીઝ નો પણ સમાવેશ આ પ્રતિષ્ઠિત યાદીમાં કરવામાં આવ્યો છે તેમણે નવજાત શિશુઓ ની આવરદાની તકો વધે અને તંદુરસ્તી જળવાય એ માટે એશિયાની પ્રથમ માનવ દૂધ બેંક ઊભી કરી છે. જેના થકી અનેક બીમાર નવજાત શિશુઓના જાન બચી ગયા છે. એ જ પ્રકારે મધ્યપ્રદેશના બુંદેલી યુદ્ધ કલાના ગુરુ ભગવાનદાસ રાયકવા, આદિવાસી વાદ્ય જે દૂધી અને વાંસનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે એ વાદ્ય તર્પાના નિષ્ણાંત એવા ૯૦ વર્ષના આદિવાસી ભીક લીયા લાડકીયા ધીનડા, જમ્મુ અને કાશ્મીરના વિખ્યાત સામાજિક કાર્યકર બ્રીજલાલ ભટ્ટ આવા તો ઘણા નામો આ પ્રતિષ્ઠિત યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે અને એમને પદ્મશ્રી અપાયા છે.

દેશના વિવિધ ક્ષેત્રમાં અસામાન્ય કામગીરી કરનાર સામાન્ય ભારતીય નાગરિકને તેના યોગદાન બદલ સન્માનિત કરવાના સિદ્ધાંતને મોદી સરકારે આગળ વધાર્યો છે અને આવા તો અનેક અજ્ઞાત વીરો ને સન્માનિત કરવામાં આવી રહ્યા છે.

નકસલવાદી ગ્રસ્ત છત્તીસગઢમાં શાળાઓની સ્થાપના કરનાર બદરી થાટી નામના આદિવાસી શિક્ષક, ઉડીસા વિસ્તારના સંથાલી લેખક અને સંગીત સર્જક ચરણ હેમબ્રામ, પિત્તળની કોતરણીના નિષ્ણાંત એવા સર્જક મોરાદાબાદના ચિરંજીલાલ યાદવ, પરંપરાગત ગુજરાતી વાદ્યના અને કલાના એટલે કે માનભટ્ટના નિષ્ણાંત ધાર્મિક લાલ ચુનીલાલ પંડ્યા, હૈદરાબાદના માનવો વંશ અને સર્જન નિષ્ણાંત કુમાર સ્વામી થંગરાજ જેમણે આફ્રિકાથી ભારત સુધી થયેલી હજારો વર્ષ પહેલાની માનવ હિજરત ની શોધ કરી છે એવા મહાનુભાવો આ યાદીમાં સામેલ થયા છે.

છેલ્લા ૬૦ વર્ષથી ભારતમાં હિન્દી ભાષાનો પ્રચાર અને પ્રસાર કરતાં રહેલા સિનિયર પત્રકાર કૈલાશ ચંદ્ર પં ત...પ્રાચીન તમિલ માર્શલ આર્ટ સીલમબામનું જતન કરનાર અને તેનો પ્રચાર કરનાર પુડુચેરીના કે પ્રજાની વેલ, એ બંનેને સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં પદ્મશ્રી અપાયો છે. નવી ડિઝાઇન સાથે હેન્ડલુમ કાપડમાં પાણીપત ખેસ નું સર્જન કરનાર અને હિમાચલ પ્રદેશ તથા હરિયાણાના હજારો કાર્યકરોને વણાટ કામ તથા જમ દાની કળાની તાલીમ આપનાર હરિયાણાના ખેમરાજ સુંદરીયાલ ને પણ પદ્મશ્રીથી વિભૂષિત કરવામાં આવ્યા છે.

# ૧૬મા રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી

## ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા સ્ટાફ, નવા મતદારો સહિત ૧૦૩ વ્યક્તિનું સન્માન : અચૂક મતદાનના લેવાયા શપથ

રાજકોટ, તા. ૨૫

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશના નિર્દેશ મુજબ, કલેક્ટર કચેરી ખાતે '૧૬મા રાષ્ટ્રીય મતદાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે એસ.આઈ.આર. તથા મતદાર યાદીની કામગીરી સાથે સંકળાયેલા સ્ટાફ તેમજ નવા મતદારો મળીને ૧૦૩ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે અચૂક મતદાન કરવા સૌએ શપથ ગ્રહણ કર્યા હતા.

આસિસ્ટન્ટ કલેક્ટર અને પ્રાંત-૨ અધિકારી મહેક જૈને આ અવસરે સૌને સંબોધતા કહ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયા તેમજ એસ.આઈ.આર. સાથે સંકળાયેલા તમામ સ્ટાફે પોતાની ક્ષમતા કરતા વધુ સારું કામ કર્યું છે. અનેક બી.એલ.ઓ.એ વ્યક્તિગત મુશ્કેલીઓ વચ્ચે પણ ફરજને પ્રાથમિકતા આપીને સમર્પણભાવ સાથે ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. આ તમામને અભિનંદન પાઠવું છું. આ સાથે તેમણે નાગરિકો પાસે એવી આશા વ્યક્ત કરી હતી કે, લોકશાહીને સુદ્રઢ રાખવા માટે ચૂંટણી તંત્રની આ સઘન કામગીરીને ધ્યાનમાં રાખતા નાગરિકો આગામી ચૂંટણીઓમાં પોતાના મતાધિકારનો ઉપયોગ અવશ્ય કરે.



આ અવસરે અધિકારીઓના હસ્તે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૨૪ બૂથ લેવલ ઓફિસર્સ, ૧૬ બી.એલ.ઓ. સુપરવાઈઝર, ૨૭ મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર યાદી સાથે સંકળાયેલા ૨૭ જેટલા કર્મચારીઓ, અધિકારીઓ તેમજ ૦૮ યુવા નવા મતદારોનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે દિવ્યાંગ મતદાર પૂનમબેન કોરાટનું સ્થળ પર જઈને સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે એન.સી.સી.ના પ્રતિનિધિનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે રાજકોટ ગ્રામ્ય પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીએ સ્વાગત પ્રવચનમાં રાષ્ટ્રીય મતદાર દિવસની પૂર્વ ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આ સાથે કહ્યું હતું કે, ભારત દેશમાં લોકશાહી મજબૂત છે, તેનું કારણ ચૂંટણી તંત્ર અને ચૂંટણી પ્રક્રિયા છે. આ ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા સ્ટાફ તેમજ મતદારોને તેમણે રાષ્ટ્રીય મતદાર દિવસની શુભકામના પાઠવી હતી. નોંધનીય છે કે, ભારતમાં ચૂંટણીપંચની સ્થાપના દિન ૨૫મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ થઈ હતી. વર્ષ ૨૦૧૧થી આ દિવસને 'રાષ્ટ્રીય મતદાર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

### વાવ-થરાદ જિલ્લાને આગામી દિવસોમાં મળશે નવું અદ્યતન જિલ્લા સેવા સદન

# ૭૦ કરોડના ખર્ચે નિર્માણ થનારા જિલ્લા સેવા સદનનું ભૂમિ પૂજન કરતા CM

## વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરી અને રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોરની પ્રેરક ઉપસ્થિતિ જિલ્લાના નાગરિકોને એક જ સ્થળેથી સરકારના વિવિધ વિભાગોની સેવાઓ મળશે

ગાંધીનગર, તા.૨૫

નવ સર્જિત વાવ-થરાદ જિલ્લાને આગામી દિવસોમાં નવું અદ્યતન જિલ્લા સેવા સદન મળશે. નવું નિર્માણ થનારું સેવા સદન જિલ્લાના સર્વાંગી વિકાસ ને નવી દિશા આપશે. ૭૭માં પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણીના પ્રથમવાર યજમાન બનેલા વાવ-થરાદ જિલ્લામાં આ મહત્વપૂર્ણ વિકાસ કામનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી, ભુપેન્દ્ર પટેલે થરાદ ખાતે અંદાજે રૂપિયા ૭૦ કરોડના ખર્ચે ૩૯ એકરના વિસ્તારમાં નિર્માણ થનારા જિલ્લા સેવા સદનનું ભૂમિ પૂજન અને તકતી અનાવરણ સંપન્ન કર્યું હતું. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ, શંકરભાઇ ચૌધરી , રાજ્યમંત્રી, સ્વરૂપજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન, નરેન્દ્રભાઇ મોદીના સુશાસનના દ્રષ્ટિકોણ અનુસાર નાગરિકોને તમામ સરકારી સેવાઓ એક જ સ્થળેથી સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી જિલ્લા મથકોએ જિલ્લા સેવા સદનના નિર્માણનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.



મુખ્યમંત્રી, ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા આ અભિગમને આગળ ધપાવતા નવ સર્જિત વાવ-થરાદ જિલ્લામાં આ આધુનિક સેવા સદનનું નિર્માણ કરવામાં આવશે.

આ નવા જિલ્લા સેવા સદનમાં જિલ્લા કલેક્ટર કચેરી સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ૩૦ થી વધુ જિલ્લા સ્તરીય કચેરીઓ કાર્યરત કરવામાં આવશે. તેના પરિણામે જિલ્લાના નાગરિકોને એક જ સ્થળેથી સરકારના વિવિધ વિભાગોની સેવાઓ સરળતાએ પ્રાપ્ત થશે અને તેમના સમય અને સંસાધનોની બચત થશે તેમજ વહીવટી કાર્યક્ષમતામાં વધારો થશે.

વાવ-થરાદ જિલ્લાના આ સેવા સદનનું નિર્માણ ગ્રીન બિલ્ડિંગના ધોરણે કરવામાં આવશે. તેમાં સોલાર રૂફ ટોપ, વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા, વિશાળ મિટિંગ હોલ, અદ્યતન લિફ્ટ , બેઝમેન્ટ પાર્કિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

આ પ્રસંગે દિયોદર ધારાસભ્ય, કેશાજી ચૌહાણ, જિલ્લા પ્રભારી સચિવ, નાગરાજન, જિલ્લા કલેક્ટર, જે.એસ. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી, કાર્તિક જીવાણી, માર્ગ અને મકાન સચિવ, પી આર પટેલીયા, ખાસ સચિવ જે એ ગાંધી, અધિક્ષક ઇજનેર એલ ડી ચૌધરી, કાર્યપાલક ઇજનેર તેજસ માંગુકિયા સહિત અન્ય પદાધિકારીઓ , મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# મતદારો જ લોકતંત્રના આત્મા : મોદી

## પીએમ મોદીએ ૨૦૨૬ ના પહેલા 'મન કી બાત'માં અનેક વિષયો પર કરી ચર્ચા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ભવિષ્ય અંગે ફેબ્રુઆરીમાં સમિટ

નવીદિલ્હી, તા. ૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રેડિયો કાર્યક્રમ ''મન કી બાત''નો ૧૩૦મો એપિસોડ રવિવાર, ૨૫ જાન્યુઆરીના રોજ પ્રસારિત થયો. ૨૦૨૬માં પીએમ મોદીના ''મન કી બાત'' કાર્યક્રમનો આ પહેલો એપિસોડ હતો. પ્રધાનમંત્રીએ '' રાષ્ટ્રીય મતદાતા દિવસ''નો ઉલ્લેખ કરીને કાર્યક્રમની શરૂઆત કરી, ''મતદાતા લોકશાહીનો આત્મા છે.''

પીએમ મોદીએ કહ્યું, ''આ વર્ષ ૨૦૨૬નો પહેલો ''મન કી બાત'' છે. આવતીકાલે, ૨૬ જાન્યુઆરીએ, આપણે બધા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરીશું. આ દિવસે, આપણું બંધારણ અમલમાં આવ્યું. આ દિવસ, ૨૬ જાન્યુઆરી, આપણને આપણા બંધારણના સ્થાપકોને શ્રદ્ધાંજલિ આપવાની તક આપે છે. આજે, ૨૫ જાન્યુઆરી, પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજે ''રાષ્ટ્રીય મતદાતા દિવસ'' છે. મતદાતા લોકશાહીનો આત્મા છે.''

તેમણે કહ્યું, ''સામાન્ય રીતે, જ્યારે કોઈ ૧૮ વર્ષનું થાય છે અને મતદાતા બને છે, ત્યારે તેને જીવનનો એક સામાન્ય તબક્કો માનવામાં આવે છે. જો કે, આ પ્રસંગ કોઈપણ ભારતીયના જીવનમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ હોય છે.'' તેથી, આ દેશમાં મતદાતા બનવાની ઉજવણી કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજે, 'મતદાર દિવસ' પર, હું ફરી એકવાર મારા યુવા મિત્રોને વિનંતી કરીશ કે તેઓ ૧૮ વર્ષના થાય ત્યારે મતદાર તરીકે નોંધણી કરાવે. પીએમ મોદીએ કહ્યું, ''૧૦ વર્ષ પહેલાં, જાન્યુઆરી ૨૦૧૬ માં, અમે એક મહત્વાકાંક્ષી યાત્રા શરૂ કરી હતી. ત્યારે અમને સમજાયું કે ભલે તે નાની હોય, તે યુવા પેઢી માટે અને દેશના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ છે. તે સમયે, કેટલાક લોકો સમજી શક્યા ન હતા કે તે શું છે. હું જે યાત્રા વિશે વાત કરી રહ્યો છું તે સ્ટાર્ટ-અપ ઈન્ડિયાની યાત્રા છે. આ અદ્ભુત યાત્રાના નાયકો આપણા યુવા મિત્રો છે.''

તેમણે કહ્યું, ''આજે, ભારતમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ છે. આ સ્ટાર્ટ-અપ્સ ક્રાંતિકારી છે. આજે, તેઓ એવા ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે જેની ૧૦ વર્ષ પહેલાં પણ કલ્પના કરી શકાતી ન હતી.'' અંઈ, અવકાશ, પરમાણુ ઊર્જા, સેમિકન્ડક્ટર, ગતિશીલતા, ગ્રીન હાઇડ્રોજન, બાયોટેકનોલોજી - તમે નામ આપો, અને તમને તે ક્ષેત્રમાં કામ કરતું એક ભારતીય સ્ટાર્ટ-અપ મળશે. હું મારા બધા યુવા મિત્રોને સલામ કરું છું જેઓ સ્ટાર્ટ-અપ સાથે જોડાયેલા છે અથવા પોતાની શરૂઆત કરવાની ઇચ્છા રાખે છે. પીએમ મોદીએ કહ્યું, ''આપણે બધા એક જ મંત્ર રાખીએઃ ગુણવત્તા. ગઈકાલ કરતાં આજે વધુ સારી ગુણવત્તા. ચાલો આપણે જે પણ ઉત્પાદન કરીએ છીએ તેની ગુણવત્તા સુધારવાનો સંકલ્પ કરીએ, પછી ભલે તે કાપડ હોય, ટેકનોલોજી હોય, ઇલેક્ટ્રોનિક્સ હોય કે પેકેજિંગ હોય. ભારતીય ઉત્પાદનોનો અર્થ ઉચ્ચ ગુણવત્તાવાળો બને. ચાલો આપણે શ્રેષ્ઠતાને આપણા માપદંડ બનાવીએ.''

પ્રધાનમંત્રીએ કહ્યું, ''આપણા દેશના લોકો ખૂબ જ નવીન છે. સમસ્યાઓનું સમાધાન શોધવું આપણા દેશવાસીઓના સ્વભાવમાં છે. કેટલાક સ્ટાર્ટ-અપ્સ દ્વારા આ કરે છે, જ્યારે અન્ય લોકો સમાજની સામૂહિક શક્તિ દ્વારા ઉકેલ શોધવાનો પ્રયાસ કરે છે. આવો જ એક પ્રયાસ ઉત્તર પ્રદેશના આઝમગઢમાં ઉભરી આવ્યો છે.'' અહીંથી વહેતી તમસા નદીને લોકોએ નવું જીવન આપ્યું છે. તમસા માત્ર એક નદી નથી, પરંતુ આપણા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનો જીવંત પ્રવાહ છે.' પીએમ મોદીએ કહ્યું, 'આપણા દેશમાં, સદીઓથી ભજન અને કીર્તન આપણી સંસ્કૃતિનો આત્મા રહ્યા છે. આપણે મંદિરોમાં ભજન સાંભળ્યા છે, કથાઓ સાંભળી છે, અને દરેક યુગ પોતાના સમય અનુસાર ભક્તિથી જીવ્યો છે. આજની પેઢી પણ કંઈક નવું પ્રાપ્ત કરી રહી છે. આજના યુવાનોએ પોતાના અનુભવો અને જીવનશૈલીમાં ભક્તિનો સમાવેશ કર્યો છે. આ વિચારસરણીએ એક નવા સાંસ્કૃતિક વલણને જન્મ આપ્યો છે. દેશભરના વિવિધ શહેરોમાં મોટી સંખ્યામાં યુવાનો એકઠા થઈ રહ્યા છે. સ્ટેજ શણગારવામાં આવ્યું છે, ત્યાં લાઇટિંગ છે, સંગીત છે, અને વાતાવરણ કોઈ કોન્સર્ટથી ઓછું નથી. ત્યાં જે ગવાય છે તે સંપૂર્ણ ભક્તિ, સંપૂર્ણ સમર્પણ અને સંપૂર્ણ લય સાથે કરવામાં આવે છે. આ વલણને હવે 'ભજન ક્લબિંગ' કહેવામાં આવી રહ્યું છે અને તે વધુને વધુ લોકપ્રિય બની રહ્યું છે, ખાસ કરીને જનરેશન ઝેડમાં.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# વંદેમાતરમ્

## દરેક મુદ્દે માત્ર રાજકીય દ્રષ્ટિકોણ નહિ, રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ પણ કેળવવો પડશે



પ્રજાસત્તાક દિનના મંગલ રાષ્ટ્રીય પર્વની દરેકને શુભેચ્છા.નવા વિચાર સાથે નવા ભારતનું નિર્માણ કરવાનો સમય છે.મહત્વના મુદે માત્ર વિવાદો કરવાની પરંપરા હવે બંધ થવી જોઈએ. રાષ્ટ્રીય પર્વમાં રાષ્ટ્રીય ગાનનો વિવાદ આઝાદીના સમયથી ચાલતો રહે છે.વંદેમાતરમ્ એ માત્ર બે શબ્દો નથી, પણ આઝાદીના સંગ્રામનો મંત્ર છે. આ ગાન સાથે કરોડો ભારતીયોની સંવેદના જોડાયેલી છે. તેમ છતાં, સમયાંતરે વંદેમાતરમ્ અંગે વિવાદ ઊભા કરવામાં આવે છે. આવા રાષ્ટ્રીય ગૌરવના મુદ્દા પર વિવાદ થવો તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ બાબત ગણાય. જ્યારે આપણે રાષ્ટ્રગાન કે રાષ્ટ્રીય પ્રતીકોને રાજકીય ચશ્માથી જોઈએ છીએ, ત્યારે આપણે આપણા ગૌરવશાળી ઈતિહાસનું અપમાન કરીએ છીએ.

આજે દેશમાં દરેક મહત્વના મુદ્દાને રાજકીય લાભાલાભ સાથે સાંકળવાની નકારાત્મક પ્રથા વધી છે. પછી તે શિક્ષણ હોય, સુરક્ષા હોય કે રાષ્ટ્રીય એકતાની વાત હોય. રાજકીય પક્ષો પોતાના ફાયદા માટે વિવાદો સર્જે છે. પરંતુ આપણે સમજવું પડશે કે રાજકારણ ક્ષણિક છે અને રાષ્ટ્ર શાશ્વત છે. માત્ર ચૂંટણીલક્ષી ગણતરીઓ રાખવી રાષ્ટ્રના હિતમાં નથી. દરેક નાગરિકે અને ખાસ કરીને રાજકીય નેતાઓએ રાજકીય દ્રષ્ટિકોણને બદલે રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ કેળવવો જ પડશે.

રાષ્ટ્રીય ભાવના એટલે પક્ષ અને પંથથી ઉપર ઉઠીને દેશના હિતમાં વિચારવું. સતત વિવાદો કર્યે રાખવાથી રાષ્ટ્રની ઉર્જા વેડફાય છે. વિદેશોમાં ભારતની છબી નબળી પડે છે. ૨૬ જાન્યુઆરીના આ પવિત્ર અવસરે આપણે એ સમજવાની જરૂર છે કે જો આપણે અંદરોઅંદર વિવાદોમાં ગૂંચવાયેલા રહીશું, તો પ્રગતિ કેવી રીતે કરીશું? રાષ્ટ્રહિતના મુદ્દે આખું ભારત એક અવાજે બોલવું જોઈએ. રાજકીય વિરોધ લોકશાહીનું લક્ષણ છે, પરંતુ રાષ્ટ્રીય એકતા પર પ્રહાર એ નુકસાનકારક છે.

વંદેમાતરમ્ ગાવું એ કોઈ પક્ષનો એજન્ડા ન હોવો જોઈએ, પણ રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ હોવી જોઈએ. આપણે એવો સમાજ બનાવવો છે જ્યાં રાષ્ટ્રીય ભાવના સર્વોપરી હોય. ક્ષુલ્લક રાજકારણને તિલાંજલિ આપી આપણે દેશહિતને પ્રાધાન્ય આપવું જોઈએ. પ્રજાસત્તાક પર્વની સાચી ઉજવણી ત્યારે જ થશે જ્યારે દરેક ભારતીયના મનમાં 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના જાગૃત થશે. ચાલો, વિવાદો છોડીને રાષ્ટ્રના નવનિર્માણમાં જોડાઈએ અને માતૃભૂમિનું ગૌરવ વધારીએ.

# વિભાજનકારી શક્તિઓ સક્રિય : નીતિન નવીન

## નીતિન નવીને ૨૦૨૭ વિધાનસભા ચૂંટણીની કરી જાહેરાત કરી ઉત્તર પ્રદેશમાં લોકો વિકાસના ટ્રેક રેકોર્ડને રાજનીતિને આપશે મત

નવીદિલ્હી, તા. ૨૫

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન રવિવારે મથુરાના વૃંદાવન પહોંચ્યા. ચંદ્રોદય મંદિરમાં યોજાયેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ''મન કી બાત'' કાર્યક્રમ બાદ, નવીને એક જાહેર સભાને સંબોધિત કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ચૂંટણી દરમિયાન, ભાગલા પાડતી અને ભાગલા પાડતી શક્તિઓ સક્રિય થઈ જાય છે અને બંધારણનું અપમાન કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આપણે રાજકીય રીતે આ શક્તિઓ સામે લડવા માટે તૈયાર રહેવું જોઈએ. નવીને કહ્યું કે આ જ કારણ છે કે દેશના લોકો આ શક્તિઓને નકારી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે આ વખતે પણ ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં આવી શક્તિઓ સક્રિય થશે. તેથી, કાર્યકરોએ સક્રિય રહેવું જોઈએ. નવીને બધા કાર્યકરોને ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણી માટે તૈયારી કરવા અને તેમના બૂથને મજબૂત બનાવવા વિનંતી કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બૂથને મજબૂત કર્યા વિના ચૂંટણી જીતી શકાતી નથી. તેથી, બધા કાર્યકરોએ તેમના બૂથને મજબૂત બનાવવા માટે કામ કરવું જોઈએ.



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના સનાતન પરંપરાઓને જાળવવા અને પ્રોત્સાહન આપવાના પ્રયાસોની પ્રશંસા કરી અને કહ્યું કે સનાતન ધર્મના દરેક અનુયાયીને ગર્વ છે કે આવી સરકાર બની છે. કોઈ પણ પક્ષનું નામ લીધા વિના, નવીને કહ્યું કે ભૂતકાળમાં બંધારણને ફાડી નાખનારાઓ હવે તેનું રક્ષણ કરવાનો ઢોંગ કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે કેટલાક લોકો વિકાસને બદલે અરાજકતાને પ્રોત્સાહન આપનારાઓને ટેકો આપી રહ્યા છે. ભાજપ પ્રમુખે કહ્યું કે જ્યારે ઉત્તર પ્રદેશમાં શાસન એક સમયે બંદૂકની અણીએ હતું, ત્યારે આજે રાજ્ય સરકાર જનતાના મતોના બળ પર ચાલી રહી છે.

ભાજપ પ્રમુખે પાર્ટીની ચૂંટણી સફળતાનો શ્રેય તેના કાર્યકરોને આપતા કહ્યું કે તેમના વર્ષોના સંઘર્ષના પરિણામે ભાજપ કેન્દ્રમાં ઘણી વખત સરકાર બનાવી છે. તેમણે અયોધ્યા, વારાણસી અને મથુરા જેવા શહેરોમાં સાંસ્કૃતિક વારસાને સાચવવા અને વિકાસ પ્રોજેક્ટ્સને આગળ વધારવા બદલ રાજ્ય સરકારની પણ પ્રશંસા કરી. નવીને કહ્યું, ''નિઃશંકપણે, સનાતન ધર્મના દરેક અનુયાયીને ગર્વ છે કે અમે એવી સરકાર બનાવી છે જે સનાતન પરંપરાઓનું જતન અને પ્રોત્સાહન આપી રહી છે.'' નીતિન નવીને કહ્યું કે જો બિહારમાં જંગલ રાજ હતું, તો ત્યાં પણ અરાજકતાની સરકાર હતી, જેને સમાપ્ત કરવા માટે અમારી સરકારે કામ કર્યું છે. રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કહ્યું કે ઉત્તર પ્રદેશ વિકાસના નવા પરિમાણો સ્થાપિત કરી રહ્યું છે. તેમણે કહ્યું કે દિલ્હીથી યમુના એક્સપ્રેસ વે દ્વારા આવવું એ કોઈ વિદેશી શહેરમાં પહોંચવા જેવું લાગ્યું. ૨૦૨૭ની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાં ભાજપ ફરી સરકાર બનાવશે તેવો સંદેશ આજે મંતની ભૂમિ પરથી સમગ્ર રાજ્યમાં ફેલાઈ ગયો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પનો ઉલ્લેખ કરતા નીતિન નવીને કહ્યું કે આ સ્વપનને સાકાર કરવા માટે આપણે બધાએ સાથે મળીને કામ કરવું પડશે. આજે જીરામજી દ્વારા મજૂરોને ૧૨૫ દિવસની રોજગારી આપીને તેમનું ગૌરવ વધ્યું છે. ભાજપની નીતિઓનો સીધો લાભ ગરીબો, ખેડૂતો, મજૂરો અને યુવાનોને મળી રહ્યો છે.

# હિંદ મહાસાગરમાં ભારતનું વધ્યું વર્ચસ્વ

## સ્પેન ઈન્ડો-પેસિફિક મહાસાગર પહેલમાં જોડાયું : ભારત-સ્પેન સંબંધોને મળશે વેગ

નવીદિલ્હી, તા. ૨૫

ભારત માટે રાજદ્વારી અને દરિયાઈ સુરક્ષાના મહત્વપૂર્ણ સમાચાર છે. સ્પેન ઈન્ડો-પેસિફિક મહાસાગર પહેલ (IPOI) માં જોડાયું છે. સ્પેનના વિદેશ પ્રધાન જોસ મેન્યુઅલ આલ્બેરેકે તાજેતરમાં આ જાહેરાત કરી હતી, જેમાં વિદેશ પ્રધાન ડો. એસ. જયશંકરને પ્રવેશની ઘોષણા રજૂ કરવામાં આવી હતી. ભારતે સ્પેનના આ પગલાનું સ્વાગત કર્યું છે, જે ભારત-સ્પેન સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી આગળ વધારશે. વિદેશ મંત્રાલયે આને ભારત-સ્પેન સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યું હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક માટે IPOI ના માળખા હેઠળ સ્પેન સાથે નજીકથી કામ કરવા આતુર છે. IPOI એ ભારત દ્વારા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં દરિયાઈ સહયોગ વધારવા માટે શરૂ કરાયેલ એક મુખ્ય પહેલ છે. તે સાત વ્યાપક ક્ષેત્રોને આવરી લે છેઃ દરિયાઈ સુરક્ષા, વેપાર અને જોડાણ, પર્યાવરણીય સંરક્ષણ, આપત્તિ પ્રતિભાવ (HADR) અને દરિયાઈ સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ.



હિંદ મહાસાગર ક્ષેત્રના ઘણા દેશો ભારતને પસંદગીનો સુરક્ષા ભાગીદાર માને છે. ભારતીય નૌકાદળે છેલ્લા કેટલાક વર્ષોમાં દરિયાઈ સુરક્ષા અને રાહત કામગીરીમાં નોંધપાત્ર અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હવે, ૨૫ થી વધુ દેશો IPOI માં ભારત સાથે કામ કરી રહ્યા છે, જેનો અર્થ છે કે હિંદ મહાસાગરમાં ભારતનું વર્ચસ્વ. સ્પેનની સંડોવણી ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. એટલાન્ટિક ક્ષેત્રમાં સ્પેનનો મજબૂત નૌકાદળનો અનુભવ છે. આ અનુભવ હવે હિંદ મહાસાગરમાં પણ ઉપયોગી થશે. આનાથી ચાંચિયાગીરી પર કાબુ મળશે, પેટ્રોલિંગ અને દેખરેખ વધશે અને દરિયાઈ વેપાર માર્ગો સુરક્ષિત થશે. એવું નોંધાયું છે કે તાજેતરના વર્ષોમાં ચાંચિયાગીરીની ઘટનાઓમાં આશરે ૮૦% ઘટાડો થયો છે. હિંદ મહાસાગરમાં કેટલાક માર્ગો વિશ્વ માટે મહત્વપૂર્ણ છે, જેમ કે હોર્મુઝ સ્ટ્રેટ અને બાબ-અલ-મંડેબ. તેલ અને વેપારનો નોંધપાત્ર હિસ્સો આ વિસ્તારોમાંથી પસાર થાય છે. સ્પેનની સંડોવણી આ દરિયાઈ માર્ગોની સુરક્ષાને વધુ મજબૂત બનાવશે.

જ્યારે પણ હિંદ મહાસાગર ક્ષેત્રમાં કોઈ મોટી આપત્તિ આવે છે, ત્યારે ભારતીય નૌકાદળ ઝડપી સહાય પૂરી પાડે છે. IPOI માં સ્પેનનું જોડાણ એ સંકેત આપે છે કે વિશ્વ ભારતને એક વિશ્વસનીય અને જવાબદાર દરિયાઈ શક્તિ તરીકે ઓળખે છે. IPOI માં સ્પેનની સંડોવણી ભારત માટે એક મોટી સિદ્ધિ છે. આ હિંદ મહાસાગરમાં ભારતની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે અને દરિયાઈ સુરક્ષા, વેપાર માર્ગ સુરક્ષા અને આપત્તિ રાહત જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારશે. ભારતે ઈન્ડો-પેસિફિક મહાસાગર પહેલ (IPOI) માં સ્પેનના પ્રવેશનું સ્વાગત કર્યું છે. વિદેશ મંત્રાલયે તેને ભારત-સ્પેન સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યું છે. આ પગલાથી હિંદ મહાસાગરમાં દરિયાઈ સુરક્ષા, વેપાર માર્ગ સુરક્ષા અને આપત્તિ રાહત કામગીરીમાં સહયોગ વધશે.

# હૈદરાબાદમાં ફર્નિચરની દુકાનમાં આગ : ૫ મોત

## ૨૨ કલાકની બચાવ કામગીરી બાદ પોલીસે ઈમારતના ભોંયરામાંથી પાંચ મૃતદેહ બહાર કાઢ્યા. બચાવ ટીમોએ છ કલાકમાં આગ પર કાબુ મેળવ્યો





નવીદિલ્હી, તા. ૨૫

હૈદરાબાદના નામપલ્લી વિસ્તારમાં એક ફર્નિચરની દુકાનમાં લાગેલી આગમાં પાંચ લોકો જીવતા બળી ગયા હતા. ૨૨ કલાકની બચાવ કામગીરી બાદ પોલીસે ઈમારતના ભોંયરામાંથી પાંચ મૃતદેહ બહાર કાઢ્યા. બચાવ ટીમોએ છ કલાકમાં આગ પર કાબુ મેળવ્યો, પરંતુ ભારે ધુમાડાને કારણે અંદર પ્રવેશવું મુશ્કેલ બન્યું. મૃતદેહોને બહાર કાઢવામાં ઘણો સમય લાગ્યો. મૃતકોમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. ઘટના બાદથી મૃતકનો પરિવાર બેચેન છે. હૈદરાબાદના નામપલ્લી વિસ્તારમાં આવેલી ચાર માળની ફર્નિચરની દુકાનમાં શનિવારે બપોરે અચાનક આગ લાગી ગઈ. માહિતી મળતાં જ પોલીસ, ફાયર બ્રિગેડ અને અન્ય બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ. ભોંયરામાંથી નીકળતી જ્વાળાઓ ઝડપથી ઉપર તરફ ફેલાઈ ગઈ. થોડી જ વારમાં, ઈમારતનો મોટો ભાગ આગની લપેટમાં આવી ગયો. ભોંયરામાં પાંચ લોકો ફસાયા હતા, અને બચાવ ટીમોએ તેમને બચાવવા માટે ખૂબ મહેનત કરી. જોકે, આગ ઓલવવી મુશ્કેલ બની.

ફર્નિચરની દુકાનમાં લાકડું ઝડપથી બળી રહ્યું હતું. આનાથી આગ ઓલવવામાં ઘણી મુશ્કેલીઓ ઉભી થઈ. ફાયર બ્રિગેડની ટીમે લગભગ છ કલાક પછી આગ પર કાબુ મેળવ્યો. આમ છતાં, તેઓ ઈમારતમાં પ્રવેશી શક્યા નહીં કારણ કે તે હજુ પણ ધુમાડાથી ભરેલી હતી. ૨૨ કલાકની બચાવ કામગીરી પછી, રવિવારે સવારે પરિસ્થિતિ સામાન્ય થઈ ત્યારે, બચાવ ટીમે ભોંયરામાંથી પાંચ મૃતદેહો બહાર કાઢ્યા. પોલીસે મૃતદેહોનો કબજો લીધો અને પોસ્ટમોર્ટમ માટે ઓસ્માનિયા હોસ્પિટલના શબઘરમાં મોકલી આપ્યા. મૃતકોની ઓળખ બેબી (૪૫), અખિલ (૧૧), પનીત (૮), ઈમ્તિયાઝ (૨૮) અને હબીબ (૩૨) તરીકે થઈ છે. હબીબ ફર્નિચરની દુકાનના માલિકનો ડ્રાઈવર હતો. ફાયર ડીજી વિક્રમ સિંહ માને જણાવ્યું હતું કે ફર્નિચરની સાથે, રેક્સિન અને કેટલાક રસાયણો પણ ભોંયરામાં સંગ્રહિત કરવામાં આવ્યા હતા. ઈમારતના માલિકે મકાનના નિયમોનું ઉલ્લંઘન કરીને આ વસ્તુઓનો ગેરકાયદેસર રીતે સંગ્રહ કર્યો હતો.

તેણે આ વસ્તુઓની સંભાળ રાખવા માટે ચોકીદારના પરિવારની મહિલાઓ અને બાળકોને ભોંયરામાં રાખ્યા હતા. અમે આ મોટી દુર્ઘટના અને ઘણા લોકોના મૃત્યુ માટે જવાબદાર મકાન માલિક સામે કેસ દાખલ કરીશું. હૈદરાબાદના નામપલ્લી વિસ્તારમાં ફર્નિચરની દુકાનમાં લાગેલી આગમાં બે બાળકો સહિત પાંચ લોકો જીવતા બળી ગયા હતા. ૨૨ કલાકના બચાવ કાર્ય બાદ, પાંચેયના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે અને તેમને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે.




સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## રાજા જનક યાજ્ઞવલ્ક્યનાં શિષ્ય હતા, અને તેમનો દરબાર તેનાથી શોભતો હતો



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દિલ્હીમાં માનસ સનાતન પર કથા ચાલી રહી હતી અને વિશ્વ શાંતિ ના પવિત્ર હેતુ સાથે શ્રી લોકેશ મુનિ એ આ કથાનું પૂર્ણ સુચારુ રૂપે સંચાલન કર્યું!: એક મંચ પર બધાં જ ધર્મ સંપ્રદાયના સાધુ સન્યાસી એ રામકથા ને સનાતન ધર્મની સૌથી મોટી દેન કહી અને પૂજ્ય બાપુ એ સનાતન ધર્મ ની પતાકા પૂરાં વિશ્વમાં લહેરાવી એ વાતે આનંદ વ્યક્ત કર્યો! અને આપણે એનાં સાક્ષી હોવાની ધન્યતા અનુભવીએ છીએ એવું પણ કહ્યું, આપણે ત્યાં અવતારોની કથા ગાવાની પ્રણાલી એટલે જ છે, કે ચરિત્ર માંથી કોઈ બોધ ગ્રહણ કરી અને બુદ્ધ બનીએ, એટલે કે સત માર્ગે બુદ્ધિને વાળીએ. આજકાલ પુરા રાષ્ટ્રમાં હિન્દુ રાષ્ટ્રની ઉદઘોષણા કરનારા કરોડોમાં મળી આવશે, પરંતુ હિન્દુ સનાતન ધર્મના મુખ્ય મુખ્ય લક્ષણો વિશે જે જ્ઞાત પણ નથી, તે મોરચા ઉપાડીને ફરે છે. ઉદારતા, શૂરવીરતા, માનવતા, અને સહિષ્ણુતા આ ચાર મુખ્ય સ્તંભ પર હિન્દુ સનાતન ધર્મ ઉભો છે. આપણામાં આ ચાર લક્ષણો નથી એવું નથી. પરંતુ જ્યાં તેનો પ્રયોગ કરવાનો હોય, ત્યાં થતો નથી. કારણ કે દ્રષ્ટિમાં હવે સ્વાર્થની મહત્તા વધી ગઈ છે. એટલે ઘણીવાર જ્યાં સહન કરવાનું ન્હોય, ત્યાં આંખ આડા કાન કરી સહિષ્ણુતા પણ દેખાડીએ છીએ. છેવટે બીજું કંઈ નહિ તો કોઈ જાણકાર પર વિશ્વાસ કરવો પડે, તો થોડે ઘણે અંશે પરિણામ મળે. બીજું આજની પરિસ્થિતિ પ્રમાણે જોઈએ તો રાષ્ટ્રની વસ્તી અઘધ રીતે વધતી જાય છે, અને ત્યારે દરેક માટે રામરાજ્યની અવધારણા મુજબ વિચારવું એ કોઈ એક માટે થોડું કઠિન છે,પણ સાથી હાથ બઢાના, એમ સૌ કોઈ પોતાનુ દાયિત્વ સમજી અને કંઈક કરે તો જ પરિણામ આવે. આપણે હમણાં ચરિત્રની ઓળખમાં હિન્દુ સંસ્કૃતિના ઋષિ-મુનીઓની ગાથા વિશે ચિંતન કરી રહ્યા છીએ, તો આજે આપણે એવા જ એક ઋષિ યાજ્ઞવલ્ક્ય વિશે ચિંતનમાં વાત કરીશું.

યાજ્ઞવલ્ક્ય ઋષિનો ઉલ્લેખ રામચરિતમાનસના પ્રયાગરાજના વટવૃક્ષ નીચે ભરદ્વાજ મુનિને કથા સંભળાવે છે, એ વાત પર થાય છે, અને યાજ્ઞવલ્ક્ય ઋષિ મનુષ્ય એ રામકથા માંથી પ્રેરણા લઇ કેમ જીવવું કેવા કર્મ કરવા એ સમજાવે છે, માટે આ ઘાટને કર્મ ઘાટ તરીકે ઓળખવામાં આવે છે. રામચરિત માનસમાં ચાર ઘાટ બતાવવામાં આવ્યા છે. પ્રથમ ઘાટ જ્ઞાનનો ઘાટ કહેવાય છે, અને ત્યાં ભગવાન શંકર પાર્વતીને રામકથા સંભળાવી રહ્યા છે. બીજો ઘાટ ભક્તિનો ઘાટ છે, અને ત્યાં કાગભુષંડી ગરુડને રામકથા સંભળાવી રહ્યા છે. ત્રીજો ઘાટ કર્મનો ઘાટ કહેવાય છે, અને ત્યાં યાજ્ઞવલ્કય મહારાજ ભરદ્વાજ ઋષિને રામકથા સંભળાવી રહ્યા છે. તુલસીદાસજી રામચરિતમાનસ પોતાના મનને પ્રબોધીને સંભળાવે છે, અને સ્વાન્ત સુખાય રઘુનાથ ગાથા, એમ કહી તેને પૂર્ણ કરે છે. એટલે કે પોતાનું મન જ્યાં સુધી શરણાગતિ સ્વીકારે નહીં, ત્યાં સુધી તેને રામકથા સમજાતી નથી, તેથી તે ઘાટને શરણાગતિનો ઘાટ કહેવામાં આવે છે.

શ્રીમદ ભાગવત અનુસાર યાજ્ઞવલ્કય દેવરાતના પુત્ર છે, પરંતુ તે બ્રહ્માના અવતાર તરીકે પણ બતાવાયા છે. બ્રહ્માએ પત્ની તરીકે ગાયત્રીનો સ્વીકાર કરતાં, સાવિત્રીએ તેને શ્રાપ આપ્યો, અને આ કારણસર તેણે યાજ્ઞવલ્ક્ય રૂપે જન્મ લેવો પડ્યો,આ ઉપરાંત કૃષ્ણ યજુર્વેદના પ્રણેતા છે.તેમણે યાજ્ઞવલ્કય સ્મૃતિ નામનો ગ્રંથ પણ લખ્યો છે. મહર્ષિ વેદવાચક વૈશંપાયન તેના ગુરુ છે,અને એક દિવસ ગુરુનું બ્રહ્મ હત્યાનુ કંલક એક શિષ્ય લઈ લે છે, એ જોઈ તેમને હસવું આવે છે, આથી ગુરુ ક્રોધિત થઈ તેને આશ્રમ છોડી જવા કહે છે. તે આશ્રમ છોડી જાય છે, ત્યારે ગુરુએ શીખવેલું જ્ઞાન બમન એટલે કે ઉલ્ટી કરીને ચાલ્યા જાય છે. અન્ય ઋષિઓએ પોપટ બની તેમણે બમન કરેલા આ જ્ઞાનને ગ્રહણ કરે છે, અને તે પરથી આપણે ત્યાં તૈતરીય ઉપનિષદની રચના થઈ, આ ઉપરાંત યાજ્ઞવલ્કયના જીવન વિશે પુરાણમાં ઘણી વાતો લખી છે. સ્વર્ગની અપ્સરા ધૃતારીને જોઈ મોહિત થયેલા યાજ્ઞવલ્કયને દ્રોણાચાર્યને પણ તેના પુત્ર તરીકે બતાવાયાં છે, આ ઉપરાંત એક પુત્રી પણ તેને આ રીતે હતી. સૂર્યદેવ પાસેથી જ્ઞાન મેળવનારા તરીકે પણ યાજ્ઞવલ્કયની વાત કરવામાં આવે છે.

યાજ્ઞવલ્કય ઋષિ એ ખૂબ જ આકરી તપશ્ચર્યા કરી અને ઘણી વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી, તેમને બે પત્ની હતી મૈત્રેય અને કાત્યાયની. મહર્ષિ યાજ્ઞવલ્ક્યની આ બંને પત્નીના સ્વભાવ પણ જુદા હતા મૈત્રેય તેની સાથે શાસ્ત્રાર્થ કરી શકે એવી વિદુષી હતી ત્યારે કાત્યાયનીને ભોગ વિલાસ અને ધન સંપત્તિમાં રસ હતો. મહર્ષિ યાજ્ઞવલ્ક્ય નું દાંપત્યજીવન પણ ખૂબ સુંદર હતું અને કેટલાય મહાનુભાવો એ તેમના ગૃહસ્થ જીવન પર ભાષ્યો અને ટીકાઓ લખી છે. ખાસ કરીને દંતાલી વાળા સચ્ચિદાનંદજી સ્વામી. વાનપ્રસ્થ વખતે યાજ્ઞવલ્કય પોતાની પત્નીને હવે હું મારા આ જન્મનો કે જીવનો ઉદ્ધાર કરવા માટે જાઉં છું, એવું કહેવા જાય છે, ત્યારે મૈત્રેય સાથે તેનો શાસ્ત્રાર્થ પણ બહુ જાણવા જેવો છે.

રાજા જનક યાજ્ઞવલ્કયના શિષ્ય હતા, અને આપણે સૌ જાણીએ છીએ કે રાજા જનક ખૂબ જ વૈરાગી તપસ્વી હતાં, તેમજ એના દરબારમાં બ્રહ્મવેત્તા ઋષિઓ સાથે શાસ્ત્રાર્થ કરવાની એક પ્રણાલી હતી. એકવાર રાજા જનક સો ગાયોનાં શિંગડા પર સુવર્ણ બાંધી અને રાખાવ્યું. ત્યારબાદ દરબારમાં ઉદઘોષણા કરે કે જે સંપૂર્ણપણે બ્રહ્મવેત્તા એટલે કે બ્રહ્મને જાણનાર ઋષિ હોય, તે આ ગાયોને લઈ જાય. બધા જ ઋષિઓ અંદરોઅંદર એકબીજા સામે જોવા લાગ્યા, ત્યાં યાજ્ઞવલ્ક્ય કે પોતાના એક શિષ્યને કહ્યું કે તે આ ગાય લઇ જઇ, અને આશ્રમમાં બાંધી આવે. અન્ય ઋષિઓ કહે છે કે, આમ કઈ રીતે પોતાને બ્રહ્મવેત્તા ઋષિ તરીકે સાબિત કર્યા? એટલે યાજ્ઞવલ્ક્યે શાસ્ત્રાર્થ માટે રાજી થાય છે, અને બધાના શાંત ચિત્તે સુંદર જવાબ આપે છે. ઘણા બધાં ઋષિઓના શાસ્ત્રાર્થને અંતે જ્યારે એવું સિદ્ધ થવા લાગ્યું કે, યાજ્ઞવલ્ક્ય બ્રહ્મવેત્તા ઋષિ છે. ત્યારે વાચકનું ઋષિની વિદૂષી પુત્રી ગાર્ગી સભામાં ઊભી થાય છે, અને તે યાજ્ઞવલ્કય સાથે શાસ્ત્રાર્થની અનુમતિ માંગે છે. જે ખરેખર બહુ ગહન પ્રશ્નો પુછે છે, જેને વિશે આપણે આવતીકાલે ચિંતનમાં વાત કરીશું.

આમ યાજ્ઞવલ્કય ઋષિ ગાર્ગી અને મૈત્રેયી સાથે શાસ્ત્રાર્થ કરવા માટે વધુ પ્રસિદ્ધ થયા છે, અને આ બંને શાસ્ત્રાર્થ જીવન ઉપયોગી છે. વિશ્વ નાનું હોય કે મોટું, એટલે કે વસ્તીની રીતે. વ્યક્તિએ વધુ સમય રહેવાનું તો ઘર પરિવાર સાથે જ હોય છે, અને ત્યાં તે સારા અને સાચા થઈને રહે તો પરિવાર પ્રસન્ન રહી શકે,તો આપણે સૌ યાજ્ઞવલ્કય ઋષિના જીવનમાંથી પ્રેરણા લઇ શકીએ કે, પોતે ગમે તેટલી વિદ્યા કે સિદ્ધિના જાણકાર હોય, પણ પરિવારમાં તેનું કોઈ અહમ કે અભિમાન રાખ્યા વગર, અંદરોઅંદર પ્રેમથી રહેવું જોઈએ. એમણે પોતાની પત્ની મૈત્રેયીને બતાવ્યું હતું કે ઘર ગૃહસ્થીમાં જેટલું મહત્વ અનુરાગનું છે, એટલું જ મહત્વ ત્યાગનું પણ છે. એટલે કે એકબીજા સાથે અનુરાગથી જોડાઉં, અને એકબીજા માટે ત્યાગવુ,આ બંને ગુણ હોય તો જ દાંપત્ય જીવન ટકી શકે છે. આજના સાંપ્રત સમયમાં લગ્નજીવન નાની નાની બાબતમાં તૂટતાં જાય છે, ત્યારે તેમની આ શીખ બહુ કામ લાગે તેવી છે. પરિવારના સભ્યો અંદરો અંદર અનુરાગ એટલે કે પ્રેમથી જોડાયેલા રહે, અને એકબીજા માટે ત્યાગ કરતા રહે, તો પરિવાર તૂટતો બચી શકે છે. આપણે સૌ આપણા દાંપત્યમાં અનુરાગ અને ત્યાગ બંનેનું મહત્વ સમજી તેને અપનાવીએ, અને દામ્પત્યને પ્રસન્ન બનાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# ગુજરાતને સાઈબર ક્રાઈમનો અજગરી ભરડો

## છેલ્લા પાંચ વર્ષમાં ૩૦ ટકાનો વધારો : ૨૦૨૫ના પ્રથમ નવ મહિનામાં જ લોકો સાથે ૧,૦૧૧ કરોડની છેતરપિંડી

રાજકોટ, તા.૨૫

ગુજરાતમાં સાયબર ક્રાઈમ ચિંતાજનક સ્તરે પહોંચી ગયો છે, આંકડા દર્શાવે છે કે છેલ્લા પાંચ વર્ષમાં ઘટનાઓમાં 30% નો વધારો થયો છે. CID (ક્રાઇમ) અને ગુજરાત પોલીસના સંયુક્ત પ્રયાસો અને સરકાર દ્વારા પ્રાયોજિત જાગૃતિ અભિયાનો છતાં, ડિજિટલ છેતરપિંડી નિવારક પગલાં કરતાં આગળ વધી રહી છે. ફક્ત ૨૦૨૫ ના પ્રથમ નવ મહિનામાં (સપ્ટેમ્બર સુધી), સાયબર ગુનેગારોએ નાગરિકો સાથે ૧,૦૧૧ કરોડની છેતરપિંડી કરી હતી.

ઉપલબ્ધ માહિતી અનુસાર, રોકાણ છેતરપિંડી, છેતરપિંડી કરનારાઓ માટે સૌથી નફાકારક પદ્ધતિ રહી છે. ઊંચા વળતરના વચનોથી લાલચ આપીને, ૯,૨૪૦ લોકો રોકાણ યોજનાઓ દ્વારા ₹૩૯૭ કરોડની છેતરપિંડી કરવામાં આવ્યા હતા. વધુમાં, નકલી ઓળખ, OTP કૌભાંડો અને ક્રેડિટ કાર્ડ છેતરપિંડીના કિસ્સાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, છેતરપિંડી કરનારાઓએ ૨૭,૮૧૬ પીડિતો પાસેથી ₹૧૩૭ કરોડની છેતરપિંડી કરવા માટે નકલી ઓળખનો ઉપયોગ કર્યો છે.

આ ગુનાઓની સંખ્યામાં નાટ્યાત્મક વધારો થયો છે. ૨૦૨૦ માં, રાજ્યમાં દરરોજ સરેરાશ ૧૫૫ ઓનલાઈન છેતરપિંડીની ફરિયાદો નોંધાઈ હતી . ૨૦૨૫ સુધીમાં, આ આંકડો દરરોજ સરેરાશ ૫૨૧ ફરિયાદો સુધી વધવાનો અંદાજ છે. છેલ્લા પાંચ વર્ષોમાં, કુલ ૪.૮૧ લાખ ફરિયાદો નોંધાઈ છે, જેમાં કુલ નુકસાન ₹૩,૩૮૭ કરોડ સુધી પહોંચ્યું છે. જોકે, ફરિયાદ દીઠ સરેરાશ નુકસાન મોટાભાગે સ્થિર રહ્યું છે, જે ૨૦૨૦ માં ₹૭૦,૩૧૩ થી નજીવું વધીને ૨૦૨૫ માં ₹૭૧,૨૦૪ થયું છે.



સાયબર નિષ્ણાતો ઓપરેટિંગ પદ્ધતિઓમાં ફેરફારની જરૂરિયાત પર ભાર મૂકે છે, કહે છે કે ગુનેગારો પેન્શનરો અને એકલા રહેતા વરિષ્ઠ નાગરિકો જેવા સંવેદનશીલ જૂથોને વધુને વધુ નિશાન બનાવી રહ્યા છે. ધાકધમકી આપવાની યુક્તિઓનો ઉપયોગ કરીને - જેમ કે પોલીસ અથવા CBI અધિકારીઓનો ઢોંગ કરવો અને ''ડિજિટલ હાઉસ એરેસ્ટ'' ની ધમકી આપવી - અથવા પીડિતોને ખતરનાક એપ્લિકેશનો ડાઉનલોડ કરવા દબાણ કરવું, છેતરપિંડી કરનારાઓ તેમની જીવન બચત લૂંટી રહ્યા છે. જ્યારે અધિકારીઓ આ નેટવર્ક્સ પર કડક કાર્યવાહી કરવાનું ચાલુ રાખે છે, ત્યારે અધિકારીઓ કહે છે કે નાગરિક જાગૃતિ એ આવા ગુનાઓ સામે સૌથી અસરકારક બચાવ છે.

CID (ક્રાઈમ) દ્વારા શેર કરાયેલા નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો પોર્ટલના તાજેતરના ડેટા અનુસાર, જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન જ ₹૧,૦૧૧ કરોડની છેતરપિંડીની ૧.૪૨ લાખ ફરિયાદો નોંધાઈ હતી. આ પાછલા પાંચ વર્ષમાં નોંધાયેલી કુલ ૪.૮૧ લાખ ફરિયાદો અને ₹૩,૩૮૭.૦૨ કરોડની છેતરપિંડીની સંખ્યા કરતાં નોંધપાત્ર વધારો છે. આ એક વિશાળ ડિજિટલ છેતરપિંડીનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાત CID (ક્રાઈમ) ના સાયબર સેલના અધિકારીઓ આ વધારા પાછળ બે મુખ્ય કારણો જણાવે છેઃ સાયબર છેતરપિંડી વિશે વધતી જતી જનજાગૃતિ અને ભોળા પીડિતોને છેતરવા અને તેમના ખાતા ખાલી કરવા માટે હોંશિયાર સોશિયલ એન્જિનિયરિંગ યુક્તિઓનો ઉપયોગ કરતા સાયબર ગુનેગારોના સતત પ્રયાસો.

ખરેખર ચિંતાજનક બાબત એ છે કે આ સાયબર છેતરપિંડીના કેસોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ૨૦૨૦ થી, ગુજરાતમાં દરરોજ સરેરાશ ૧૫૫.૫ સાયબર છેતરપિંડીની ફરિયાદો નોંધાઈ છે, અથવા દર કલાકે લગભગ ૬.૫. પરંતુ ૨૦૨૫ માં, આ સંખ્યા દરરોજ ૫૨૧ ફરિયાદો અથવા દર કલાકે લગભગ ૨૧ ફરિયાદો સુધી વધી ગઈ છે - જે આશ્ચર્યજનક રીતે ૨૦૦% નો વધારો છે.

ખાસ કરીને પેન્શનરો, આ ડિજિટલ શિકારીઓના મુખ્ય લક્ષ્યો બન્યા છે. રાજ્યભરના પેન્શનરો તરફથી અધિકારીઓ ફરિયાદોથી ભરાઈ ગયા છે જેઓ ભોગ બન્યા છે. પેન્શનરોને ''પેન્શન ખાતાની વિગતો મેળવવા''નું વચન આપતી એક હાનિકારક લિંક મળે છે, પરંતુ તેના પર ક્લિક કરવાથી ઘણીવાર એક APK ફાઇલ ખુલે છે જે તેમના સમગ્ર પેન્શન ખાતાને ખાલી કરી દે છે.

રસપ્રદ વાત એ છે કે, કેસોમાં વધારો થવા છતાં, પ્રતિ કેસ છેતરપિંડીની સરેરાશ રકમ પ્રમાણમાં સ્થિર રહી છે, જેમાં માત્ર ૧.૩% નો નજીવો વધારો થયો છે. જ્યારે ૨૦૨૦ માં પ્રતિ કેસ સરેરાશ નુકસાન ૭૦,૩૧૩ હતું, તે ૨૦૨૫માં ૭૧,૨૦૪ થયું છે.

નિષ્ણાતો કહે છે કે વધુને વધુ આધુનિક સાયબર ગુનેગારો તેમના પીડિતોનું શોષણ કરવા માટે નવા રસ્તાઓ શોધી રહ્યા છે. જ્યારે મોટા કેસ હેડલાઈન્સ મેળવે છે, ત્યારે અસંખ્ય નાના કેસ નોંધાયા નથી.

### તમારા કમ્પ્યુટર અને મોબાઈલ ઉપકરણોને સતત અપડેટ કરો

સાયબર ગુનેગારો ઘણીવાર માહિતી મેળવવા માટે તમારા કમ્પ્યુટર અથવા ફોન પર ચાલતા સોફ્ટવેર અને ઓપરેટિંગ સિસ્ટમમાં જાણીતી નબળાઈઓનો ઉપયોગ કરે છે. શ્રેષ્ઠ બચાવ એ છે કે તમારા સોફ્ટવેર, વેબ બ્રાઉઝર અને ઓપરેટિંગ સિસ્ટમને અપ-ટુ-ડેટ રાખો. તમારા ડિજિટલ ઉપકરણોને સુરક્ષિત રાખવાનો આ સૌથી અસરકારક રસ્તો છે. તમારા કમ્પ્યુટર અને મોબાઈલ ઉપકરણોને નિયમિતપણે અપડેટ કરવું મહત્વપૂર્ણ છે કારણ કે તે ખાતરી કરે છે કે કોઈપણ જાણીતી સુરક્ષા નબળાઈઓ સુધારેલ છે, જે દૂષિત વ્યક્તિઓ દ્વારા શોષણનું જોખમ ઘટાડે છે. આ તમને સફળ સાયબર હુમલાનો ભોગ બનવાથી બચાવે છે.

### ફિશિંગ/વિશિંગ હુમલાઓથી પોતાને સુરક્ષિત કરો

ફિશિંગ ત્યારે થાય છે જ્યારે સાયબર ગુનેગારો તમને વ્યક્તિગત અથવા નાણાકીય માહિતી જાહેર કરવા માટે છેતરપિંડી કરવા માટે ભ્રામક ઈમેઈલ્સ અથવા સંદેશાઓનો ઉપયોગ કરે છે, જ્યારે વિશિંગમાં સમાન હેતુ સાથે કપટી ફોન કોલ્સનો સમાવેશ થાય છે. શ્રેષ્ઠ બચાવ એ છે કે સતર્ક રહેવું. જો તમને કોઈ અજાણ્યા સ્ત્રોત તરફથી વ્યક્તિગત અથવા નાણાકીય માહિતી માટે વિનંતી મળે, તો તેની અધિકૃતતા ચકાસવા માટે સમય કાઢો. વિનંતીની સત્યતાની પુષ્ટિ કરવા માટે સત્તાવાર ચેનલો દ્વારા સંસ્થા અથવા વ્યક્તિનો સીધો સંપર્ક કરો. લિંક્સ પર ક્લિક કરતી વખતે, જોડાણો ખોલતી વખતે અથવા સંવેદનશીલ માહિતી શેર કરતી વખતે સાવચેત રહો.

### તમારા કમ્પ્યુટર પર એન્ટિવાયરસ સોફ્ટવેર અને એન્ટી-માલવેર પ્રોટેક્શનનો ઉપયોગ કરો

સાયબર ગુનેગારો તમારા કમ્પ્યુટરને ચેપ લગાડવા અથવા તેના પર નિયંત્રણ મેળવવા માટે વાયરસ, બોટનેટ્સ, માલવેર, કીલોગર્સ અને સ્પાયવેર ફેલાવવા માટે તકનીકી હુમલાઓનો પણ ઉપયોગ કરે છે. ઘણા નવા કમ્પ્યુટર્સ એન્ટીવાયરસ સોફ્ટવેરના મફત ટ્રાયલ સાથે પહેલાથી ઈન્સ્ટોલ કરેલા આવે છે, જે તમે ટ્રાયલ સમાપ્ત થયા પછી ખરીદી શકો છો. વધુમાં, બજારમાં તમારા માટે પસંદગી માટે સેંકડો એન્ટિવાયરસ એપ્લિકેશનો ઉપલબ્ધ છે. એવા સોફ્ટવેર સોલ્યુશન્સ પસંદ કરો જે સંપૂર્ણ સુરક્ષા પૂરી પાડે છે, તેમને નવીનતમ વાયરસ વ્યાખ્યાઓ સાથે અપડેટ રાખે છે, અને નિયમિત સંપૂર્ણ સ્કેન શેડ્યૂલ કરે છે, પ્રાધાન્યમાં અઠવાડિયામાં ઓછામાં ઓછું એક વાર.

### ઓળખની ચોરીને સમજો અને અટકાવો

ચોક્કસ પ્રકારની વ્યક્તિગત માહિતીનો ઉપયોગ છેતરપિંડી માટે થઈ શકે છે, જેમ કે એકાઉન્ટ્સ કબજે કરવા, પરવાનગી વિના પૈસા ટ્રાન્સફર કરવા, અથવા તમારા નામે ક્રેડિટની નવી લાઇન ખોલવા. આ તમારા કમ્પ્યુટર પર માલવેર, સોશિયલ એન્જિનિયરિંગ દ્વારા થઈ શકે છે જે તમને ફોન અથવા ઑનલાઇન પર વ્યક્તિગત માહિતી આપવા માટે છેતરપિંડી કરે છે, અથવા કોઈ ચોર તમારા મેઈલ અથવા કચરાપેટીની ચોરી કરે છે અને તમારી ઓળખ માહિતીની ઍક્સેસ મેળવે છે. તમે ઘણી સારી પદ્ધતિઓ અપનાવીને ઓળખની ચોરીને અટકાવી શકો છો – જેમાં મહત્વપૂર્ણ દસ્તાવેજો કાપવા, તમારા ઈમેઈલ્સમાં શંકાસ્પદ લિંક્સ અને જોડાણો ટાળવા, સ્મિશિંગ હુમલાઓને ઓળખવાનું અને અવરોધિત કરવાનું શીખવું અને નિયમિતપણે તમારા ક્રેડિટ રિપોર્ટની સમીક્ષા કરવી શામેલ છે.

### તમારા હોમ નેટવર્કને મજબૂત બનાવો

સાયબર ગુનેગારો વ્યક્તિગત, ખાનગી અને ગુપ્ત માહિતીને ઍક્સેસ કરવા માટે તમારા હોમ નેટવર્કનો ઉપયોગ કરી શકે છે. આ જોખમો સામે રક્ષણ મેળવવા માટે, તમારા Wi-Fi નેટવર્ક માટે એક મજબૂત પાસવર્ડ સેટ કરીને અને યોગ્ય એન્ક્રિપ્શન પસંદ કરીને, ઓછામાં ઓછા Wi-Fi પ્રોટેક્ટેડ એક્સેસ ૨ (WPA2) થી શરૂ કરીને શરૂઆત કરો. ઉપરાંત, તમારા રાઉટરના સોફ્ટવેરને નિયમિતપણે અપડેટ કરવાનું ભૂલશો નહીં. અનધિકૃત કનેક્શન્સથી છુપાયેલા રાખવા માટે તમારા નેટવર્કને છુપાવવું પણ એક સારો વિચાર છે.

### માહિતી પર નિયંત્રણ રાખવી જરૂરી

તમે ઑનલાઇન શું શેર કરો છો અને કોની સાથે શેર કરો છો તેનું ધ્યાન રાખો. તમારો સામાજિક સુરક્ષા નંબર, એકાઉન્ટ નંબર, ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ માહિતી, અથવા અન્ય અત્યંત સંવેદનશીલ માહિતી ફક્ત એટલા માટે આપશો નહીં કારણ કે તમને પૂછવામાં આવે છે. ખાતરી કરો કે તમે આવી માહિતી ફક્ત વિશ્વસનીય સ્ત્રોતો સાથે જ શેર કરો છો. જ્યારે શંકા હોય, ત્યારે આગળ વધતા પહેલા વિનંતી ચકાસો. તમારી માહિતીની ઍક્સેસ કોને છે તે નિયંત્રિત કરવા માટે તમારા ઑનલાઇન એકાઉન્ટ્સ પર તમારી ગોપનીયતા સેટિંગ્સની નિયમિતપણે સમીક્ષા કરો.

# ગાંજા સાથે બંગાળીને દબોચી લેતી SOG

## ૨.૭૭ કિલો ગાંજો, રોકડ, મોબાઈલ મળી ૧,૧૪,૧૫૦નો મુદ્દામાલ કરાયો કબજે



રાજકોટ, તા.૨૫

શહેર એસઓજીએ કેનાલ રોડ કુંભાવાડામાંથી સુરજ બંગાળીને ૨.૭૭ કિલો ગાંજા સાથે દબોચી લીધો છે. યુવાધન નશાના રવાડે ના ચડે , નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા ''SAY NO TO DRUGS'' મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરૂધ્ધ કડક કાયેવાહી કરવા સુચના મળી હોવાથી એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે એ.એસ.આઈ. ફિરોજભાઈ રાઠોડ , હેડકોન્સ. દિગ્વિજયસિંહ કિરીટસિંહ ગોહિલને મળેલી સંયુકત બાતમી આધારે, શહેર કેનાલ રોડ, નવા કુંભારવાડા શેરી નં.૧૨/૯ના ખુણે દરોડો પાડવામાં આવ્યો હતો. અહીંથી ૨.૭૭ કિલો, ૧,૦૩૮૫૦ના ગાંજા સાથે નવા કુંભારવાડા શેરી નં.૧૨ મુરલીધર એપાર્ટમેન્ટ ત્રીજા માળે ભાડેથી રાજકોટ , મુળ રહે- તેલીપરા ગામ તા.પાંડવા જી.હુગલી પશ્ચીમ બંગાળ)વાળા સુરજ રાજુ રાયને ઝડપી લઈને એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે.

આ શખ્સ પાસેથી ૨.૭૭ કિલો ગાંજો, ટ્રેનની ટીકીટ, મોબાઈલ ફોન, રોકડમળી ૧,૧૪,૧૫૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા , અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા , નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમ જગદીશ બાંગરવા , મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બસીયા તરફથી મળેલી સૂચના અંતર્ગત એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેક્ટર એસ.એમ.જાડેજાની રાહબરી હેઠળ રાજકોટ શહેર સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનાં પો.ઈન્સ. આર.જી.પઢીયાર , પો.સબ.ઈન્સ. વી.વી.ધ્રાંગુ , એ.એસ.આઈ. અરૂણભાઈ બાંભણીયા , ઈન્દ્રસિંહ જાડેજા , ફિરોજભાઇ રાઠોડ , પો.હેડ. કોન્સ. મૌલિકભાઇ સાવલીયા , દિગ્વિજયસિંહ ગોહિલ, પો.કોન્સ. હાર્દિકસિંહ પરમાર , મહિલા પો.કોન્સ. ભાગ્યલક્ષ્મીબા ઝાલાએ કામગીરી કરી છે. પ્રાથમીક પરીક્ષણ એફ.એસ.એલ. અધિકારી સમીર જોષીએ કર્યું હતું.

# પોલીસ દળના ૧૬ અધિકારી-જવાનોને પોલીસ મેડલ

## રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ મેડલ એનાયત કરવાની કરાઈ જાહેરાત

રાજકોટ, તા.૨૫

પ્રજાસત્તાક દિવસના અવસર પર ગુજરાત રાજ્ય પોલીસ દળના કુલ ૧૬ અધિકારી અને જવાનોને રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ મેડલ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય પોલીસની વિશિષ્ટ અને પ્રશંસનીય સેવાઓને માન આપતાં આ સન્માન જાહેર કરવામાં આવ્યું છે. આ યાદીમાં ૨ અધિકારીઓને વિશિષ્ટ સેવા પોલીસ મેડલ (PSM) જ્યારે ૧૪ અધિકારી અને જવાનોને 'પ્રશંસનીય સેવા પોલીસ મેડલ (MSM)' આપવા માટે પસંદગી કરવામાં આવી છે.

આજે ૨૫ જાન્યુઆરીના દેશના પોલીસ અધિકારીઓની સેવાને બિરદાવવા માટે રાષ્ટ્રપતિ મેડલની જાહેરાત કરવામાં આવી છે, જેમાં ગુજરાત કેડરના IPS અધિકારી નિપૂણા તોરવણે અને એસ. એસ. રઘુવંશીને શ્રેષ્ઠ કામગીરી બદલ 'વિશિષ્ટ સેવા પોલીસ મેડલ' (PSM) એનાયત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત, આઈપીએસથી લઈને કોન્સ્ટેબલ સુધીના અન્ય ૧૪ પોલીસ કર્મીઓને તેમની પ્રશંસનીય સેવાઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા છે. આ તમામ ગૌરવશાળી વિજેતાઓને આગામી ૨૬ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રપતિ મેડલથી સન્માનિત કરવામાં આવશે.

જ્યારે પ્રશંસનીય સેવા પોલીસ મેડલ માટે કોસ્ટલ સિક્યુરિટી, જેલ વિભાગ, સ્ટેટ મોનિટરિંગ સેલ, ઈન્ટેલિજન્સ, સુરત, અમદાવાદ અને રાજકોટ શહેર પોલીસ તેમજ રાજ્ય સશસ્ત્ર પોલીસ દળમાં ફરજ બજાવતા અધિકારી અને જવાનોની પસંદગી કરવામાં આવી છે.



રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ પ્રાપ્ત કરનાર તમામ અધિકારી અને જવાનોને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, આ સન્માન ગુજરાત પોલીસની પ્રતિબદ્ધતા, નિષ્ઠા અને જનસેવાની ભાવનાનું પ્રતિબિંબ છે.

ગૃહ વિભાગમાં સચિવ પદે કાર્યરત નિપુણા તોરવણેએ નોકરી સાથે યુ. પી. એસ. સી. એક્ઝામની તૈયારી કરીને ઈતિહાસ અને સાઈકોલોજી વિષય સાથે તેમણે UPSC પરીક્ષામાં ઝંપલાવ્યું. નિપુણા તોરવણે ગુજરાતના પ્રથમ મહિલા આઈ.પી.એસ. અધિકારી છે, જેમનો જન્મ પાલનપુરમાં થયો હતો. તેમના પિતા પણ ઈન્ડિયન પોલીસ સર્વિસમાં હતા હોવાથી તેમનું ભણતર રાજ્યના વિવિધ શહેરોમાં થયું. સ્કૂલ જીવન દરમિયાન તેઓ હંમેશા ટોપ થ્રીમાં રહેતા હતા, પરંતુ જ્યારે તેમણે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં સાયકોલોજી વિષય સાથે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ શરૂ કર્યો, ત્યારે તેમને ભાષાના કારણે નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો. જોકે, હાર માન્યા વગર તેમણે એન.સી.સી. માં જોડાઈને અને સખત મહેનત કરીને કોલેજના અંતિમ વર્ષોમાં પ્રથમ શ્રેણી સાથે સફળતા મેળવી હતી. શરૂઆતમાં સ્ટાફ સિલેક્શન કમિશનની પરીક્ષા પાસ કરી હતી. તેમની સિવિલ સર્વિસની સફર પડકારો અને મક્કમતાથી ભરેલી રહી છે. શરૂઆતમાં સ્ટાફ સિલેક્શન કમિશનની પરીક્ષા પાસ કરી તેઓ ઈન્કમ ટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે જોડાયા હતા, પરંતુ તેમનું લક્ષ્ય યુ.પી.એસ.સી. હતું. નોકરીની સાથે જ એમ. જે. લાઈબ્રેરીમાં સતત વાંચન ચાલુ રાખીને તેમણે પોતાની ભૂલો સુધારી. તેમણે અનુભવ્યું કે, કોલેજની જેમ લાંબા જવાબો લખવાને બદલે પરીક્ષકની દૃષ્ટિએ મુદ્દાસર તૈયારી કરવી જરૂરી છે. તેમણે ઈતિહાસ અને ગુજરાતી સાહિત્ય જેવા વિષયો પર પકડ મેળવી અને સરકારી રિપોર્ટ્સ , આંકડાઓના આધારે નિબંધ લેખન જેવી તૈયારીઓ કરી સ્માર્ટ વર્ક પર ભાર મૂક્યો.

અંતે, તેમની અથાગ મહેનત અને આયોજનબદ્ધ તૈયારીને કારણે તેઓ યુ.પી.એસ.સી.માં સફળ થયા. પ્રથમ પ્રયાસમાં રેલવે પર્સોનલ સર્વિસ મળ્યા બાદ, ફરી બીજીવાર પરીક્ષા આપીને તેમણે ઈન્ટરવ્યૂમાં પણ ખૂબ જ સહજ અને પ્રભાવશાળી દેખાવ કર્યો. ઈન્કમ ટેક્સ અંગેના સવાલો પણ પુછાયા. સહજભાવે આપેલા જવાબોએ ફરીથી ઈન્ટરવ્યૂમાં ખૂબ જ સારા માર્ક્સ આપ્યા. આ વખતે નિપુણા તોરવણેને ઈન્ડિયન પોલીસ સર્વિસની પસંદગી મળી ગઈ હતી. કોઈ ગુજરાતી મહિલા પહેલી જ વાર આઇ.પી. એસ.માં સીધી ભરતીથી આવ્યાં હતા.

### એવોર્ડ્સ અંગે જાણવા જેવું

વીરતા મેડલઃ કોઈ વ્યક્તિને વીરતાના દુર્લભ અસાધારણ કાર્ય, જીવન-સંપત્તિ બચાવવા, અપરાધને રોકવા, ગુનેગારોને પકડવામાં અસાધારણ વીરતા માટે આપવામાં આવે છે. સંબંધિત અધિકારીની જવાબદારી-ફરજને ધ્યાનમાં રાખીને જોખમનો અંદાજ લગાવવામાં આવે છે. પ્રેસિડેન્ટ સેવા મેડલઃ PSM સેવામાં વિશેષ વિશિષ્ટ રેકોર્ડ માટે આપવામાં આવે છે. મેધાવી સેવા મેડલઃ આ મેડલ સેવા સંસાધન અને કર્તવ્યનિષ્ઠાથી કરવામાં આવતી મૂલ્યવાન સેવા માટે આપવામાં આવે છે.

### ડ્રગ્સ કન્સાઈનમેન્ટ થાઈલેન્ડના બેંગકોકથી રવાના કરાયું'તું

# ૧૨.૫૦ કરોડના હાઈબ્રિડ ગાંજા સાથે ૪ ઝડપાયા

## અમદાવાદ એરપોર્ટ પર પંજાબ-વડોદરાના શખ્સો મલેશિયા એરલાઈન્સમાંથી ઉતર્યા કે કસ્ટમે ઝડપી લીધા બેંગકોકથી લવાયો'તો ગાંજો




અમદાવાદ, તા.૨૫

અમદાવાદ કસ્ટમ વિભાગે એરપોર્ટ પર મોટી કાર્યવાહી કરીને બેંગકોકથી લવાયેલો ૧૨.૫૦ કરોડનો હાઈબ્રિડ ગાંજો ઝડપી પાડ્યો છે. મલેશિયા એરલાઈન્સમાં આવેલા પંજાબ અને વડોદરાના ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ નશીલો પદાર્થ કુઆલાલુમ્પુર થઈને અમદાવાદ લાવવામાં આવ્યો હતો.

ગુજરાતમાં નશીલા પદાર્થોની ઘૂસણખોરી રોકવા માટે એજન્સીઓ સતર્ક બની છે, ત્યારે અમદાવાદ કસ્ટમ વિભાગ દ્વારા એક ઓપરેશનમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સના અધિકારીઓએ બાતમીના આધારે તપાસ હાથ ધરીને હાઈબ્રિડ ગાંજાના મસમોટા જથ્થા સાથે ચાર લોકોની ધરપકડ કરી છે. વિદેશી કનેક્શન અને એરલાઈન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ આ ડ્રગ્સ કન્સાઈનમેન્ટ થાઈલેન્ડના બેંગકોક થી રવાના કરવામાં આવ્યું હતું. આરોપીઓ સીધા ભારત આવવાને બદલે રૂટ બદલીને વાયા કુઆલાલુમ્પુર થઈને આવ્યા હતા. તેઓએ મલેશિયા એરલાઈન્સની ફ્લાઈટનો ઉપયોગ કર્યો હતો જેથી સુરક્ષા એજન્સીઓની નજરમાંથી બચી શકાય. જોકે, અમદાવાદ એરપોર્ટ પર ઉતરતા જ કસ્ટમ વિભાગની બાજ નજરે તેમને ઝડપી લીધા હતા.

કસ્ટમ વિભાગે આરોપીઓ પાસેથી જે હાઈબ્રિડ ગાંજો જપ્ત કર્યો તેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે ૧૨.૫૦ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે. ધરપકડ કરાયેલા ૪ શખ્સોમાં ૩ આરોપીઓ પંજાબના અને એક આરોપી વડોદરાનો રહેવાસી છે. મુખ્ય આરોપીઓમાં અજય પાંડે, સંદીપ રોની અને મનપ્રિતનો સમાવેશ થાય છે. આ તમામ શખ્સોની હાલ કસ્ટમ્સ અને અન્ય એજન્સીઓ દ્વારા સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે.

મોડસ ઓપરેન્ડી અને નેટવર્કની તપાસ આ હાઈબ્રિડ ગાંજો સામાન્ય ગાંજા કરતા વધુ નશીલો અને મોંઘો હોય છે. આરોપીઓએ આ જથ્થો પર્સનલ સામાનમાં અને ટ્રોલી બેગના ગુપ્ત ખાનામાં છુપાવ્યો હતો. તપાસ એજન્સીઓ હવે એ દિશામાં કામ કરી રહી છે કે, શું આ અગાઉ પણ આ ગેંગ દ્વારા ડ્રગ્સની હેરાફેરી કરવામાં આવી હતી? આ જથ્થો ગુજરાતના સ્થાનિક બજારમાં સપ્લાય કરવાનો હતો કે પછી પંજાબ મોકલવાનો હતો, તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. અમદાવાદ કસ્ટમ્સની આ કાર્યવાહીને પગલે ડ્રગ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. રાજ્યમાં વધી રહેલા ડ્રગ્સના દૂષણને ડામવા માટે એરપોર્ટ અને દરિયાઈ માર્ગો પર દેખરેખ વધારી દેવામાં આવી છે.

## કોંગ્રેસના OBC પ્રમુખ તરીકે મહેશ રાજપૂતની નિમણુંક

### ગુજ. આદિવાસી કોંગ્રેસના પ્રમુખ તરીકે રાજેન્દ્ર પારઘીની નિયુક્તિ




રાજકોટ, તા. ૨૫

ઓલ ઈન્ડીયા કોંગ્રેસ કમિટીના પ્રમુખ દ્વારા ગુજરાત કોંગ્રેસ પ્રદેશમાં ઓબીસી અને આદિવાસી કોંગ્રેસમાં બે હોદેદારોની નિમણુક કરાઈ છે.

જેમાં ઓબીસી ડિપાર્ટમેન્ટના પ્રમુખ તરીકે ડો. મહેશભાઈ રાજપૂતની અને ગુજરાત આદિવાસી કોંગ્રેસના પ્રમુખ તરીકે રાજેન્દ્રભાઈ પારઘીની નિયુક્તિ કરવામાં આવી છે.

બક્ષીપંચ અને આદિવાસી સમાજના હક, અધિકાર અને ન્યાય માટે બંને આગેવાનનું નેતૃત્વ મજબૂત અવાજ બને એવી સૌ દ્વારા આશા સેવાઈ રહી છે.

### ગુજરાત સરકારનો મોટો નિર્ણય : જંત્રીના દર ચૂકવવામાંથી મળી મુક્તિ

# પાલિકાઓને વિકાસ કામો માટે મફત જમીન આપશે સરકાર

ગાંધીનગર, તા.૨૫

રાજ્યના શહેરી વિસ્તારોના વિકાસને વેગ આપવા અને વહીવટી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટે મુખ્યમંત્રી દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે નગરપાલિકાઓએ શહેરના પાયાના સુવિધાના કામો માટે સરકારી જમીન મેળવવા માટે જંત્રીના ૨૫ થી ૫૦ ટકા રકમ ચૂકવવી પડશે નહીં. રાજ્ય સરકાર હવે ૧૧ પ્રકારની વિવિધ જાહેર સુવિધાઓ માટે નગરપાલિકાઓને વિનામૂલ્યે જમીન ફાળવશે.

અત્યાર સુધી નગરપાલિકાઓએ જ્યારે કોઈ વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે સરકારી જમીનની માંગણી કરતી, ત્યારે તેમણે જંત્રીના નક્કી કરેલા દરો



મુજબ મોટી રકમ સરકારમાં જમા કરાવવી પડતી હતી. આ આર્થિક બોજને કારણે ઘણીવાર પ્રોજેક્ટ્સમાં વિલંબ થતો હતો. હવે આ નિર્ણયથી વિકાસના કામોમાં ઝડપ આવશે. નગરપાલિકાઓ પરનું આર્થિક ભારણ ઘટશે. અને નાગરિકોને પાયાની સુવિધાઓ સમયસર મળી રહેશે.

સરકારે જાહેર કરેલી યાદી મુજબની કામગીરી માટે હવે જમીન સરળતાથી ઉપલબ્ધ થશે. ૧૧ સુવિધાઓ માટે ફ્રી જમીન મળશે તેમાં નગરસેવા સદન (વહીવટી ઓફિસ), ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP), વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP), ભૂગર્ભ ગટર ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન, વોટર સપ્લાય પ્રોજેક્ટ, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ (વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા), ટાઉનહોલ, કોમ્યુનિટી હોલ, કન્વેન્શન સેન્ટર તેમજ અન્ય પાયાની માળખાગત સુવિધાઓનો સમાવેશ થાય છે. નાગરિકોની સુખાકારી માટે લેવાયેલ આ નિર્ણયથી શહેરી વહીવટ વધુ લોકાભિમુખ બનશે અને અટકેલા વિકાસના કામોને નવી ગતિ મળશે તેવું સરકારનું માનવું છે.

## પોલીસ હેડક્વાર્ટર ખાતે બેડમિંટન કોર્ટના ભવનનું ભૂમિપૂજન

### રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા અને પોલીસ અધિકારીઓને હસ્તે કાર્યક્રમ સંપન્ન



રાજકોટ તા.૨૫

રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા દ્વારા રાજ્યસભા ૨૦૨૪-૨૫ની ગ્રાન્ટમાંથી ત્રીસ લાખના સહયોગથી રાજકોટ શહેર પોલીસ હેડક્વાર્ટર ખાતે પ્રસ્તાવિત બેડમિંટન કોર્ટના ભવનનું ભૂમિપૂજન રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા અને પોલીસ અધિકારીઓને હસ્તે કરવામાં આવ્યુ હતું.

પોલીસ કર્મચારીઓના આરોગ્ય, તંદુરસ્તી અને રમતગમતને , જાહેર જનતાને પ્રોત્સાહન આપતા આ મહત્વપૂર્ણ કાર્યના પ્રસંગે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા સહિત અધિકારીઓ મહેન્દ્ર બગડીયા, હેતલ પટેલ, રાકેશ દેસાઈ અને જગદીશ બાંગરવા હાજર રહ્યા હતા.

### પ્રજાસત્તાક પર્વ પર રાજકોટ પોલીસનું ગૌરવ વધ્યું

# સાયબર સેલના PSI ક્રિપાલસિંહ રાણાને રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત

રાજકોટ, તા. ૨૫

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પોલીસ દળમાં નોંધપાત્ર અને પ્રશંસનીય કામગીરી કરનાર અધિકારીઓની રાષ્ટ્રપતિ ચંદ્રક માટે જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજકોટ પોલીસના સાયબર સેલમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. ક્રિપાલસિંહ જીલુભા રાણાના નામની જાહેરાત થતા રાજકોટ પોલીસનું ગૌરવ વધ્યું છે.

મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાના ભેસજાળ ગામના વતની ક્રિપાલસિંહ રાણા વર્ષ ૧૯૯૬માં પોલીસ દળમાં ભરતી થયા હતા. તેમની અત્યાર સુધીની કારકિર્દી શિસ્ત અને



સમર્પણનો પર્યાય રહી છે. શરૂઆતના વર્ષોમાં રાજકોટ રૂરલના કોમ્પ્યુટર સેલમાં મહત્વની ટેકનિકલ જવાબદારીઓ સંભાળી હતી.

રાજકોટ આર.આર. સેલમાં પી.એસ.આઈ. એન.એન. ઝાલા સાથે સતત દસ વર્ષ સુધી ફરજ બજાવી છે. હાલ તેઓ રાજકોટ શહેર પોલીસમાં સાયબર સેલ પી.એસ.આઈ. તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

માત્ર પોલીસ ફરજમાં જ નહીં, પરંતુ રમતગમત ક્ષેત્રે પણ તેઓ અગ્રેસર હોવાનું કહેવાય છે. તેઓ હોકીના અચ્છા ખેલાડી છે. રાજકોટમાં યોજાયેલી પોલીસ હોકી ટૂર્નામેન્ટના સફળ આયોજન પાછળ તેમની આયોજન શક્તિ અને મહેનતનો મોટો ફાળો રહ્યો જોવા મળ્યો હતો.

રાષ્ટ્રપતિ ચંદ્રકની જાહેરાત થતા જ પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને સાથી કર્મચારીઓએ તેમને અભિનંદન પાઠવ્યા છે. તેમની આ સિદ્ધિથી પોલીસ બેડામાં ખુશીનો માહોલ છવાયો છે.

# જૈન દેરાસરમાંથી ૫૦ હજારનો ચાંદીનો મુગટ ચોરાયો

## ભાવનગરમાં એમ.જી. રોડ પર આવેલા દેરાસરમાં બનાવઃ સીસીટીવીમાં તસ્કરની હિલચાલ કેદ

ભાવનગર, તા. ૨૫

શહેરના ભરચક ગણાતા એમ.જી. રોડ પર ચોરીની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. અહીં આવેલા પ્રસિદ્ધ જૈન દેરાસરમાંથી એક અજાણ્યો શખ્સ ભગવાનનો કિંમતી ચાંદીનો મુગટ ચોરીને ભાગી છૂટ્યો છે. આ સમગ્ર ઘટના દેરાસરમાં લાગેલા ઈઈઝટ કેમેરામાં કેદ થઈ ગઈ છે.

આ ચોરી અંગેની વિગતો એવી છે કે, એમ.જી. રોડ પરના જૈન દેરાસરમાં ભક્તોની અવરજવર વચ્ચે એક અજાણ્યો શખ્સ દર્શન કરવાના બહાને આવ્યો હતો. તકનો લાભ લઈ આ શખ્સે ભગવાનના




મસ્તક પર બિરાજમાન આશરે ૫૦,૦૦૦ની કિંમતનો ચાંદીનો મુગટ ચોરી લીધો હતો.

આ ઘટના અંગે દેરાસરના ટ્રસ્ટી સંજયભાઈ શરદચંદ્ર ઠાકર દ્વારા ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે. સંજયભાઈએ પોલીસને જણાવ્યું હતું કે, દેરાસરમાં ભક્તોની ભીડનો લાભ ઉઠાવી તસ્કર નજર ચૂકવીને મુગટ ઉઠાવી ગયો હતો. ગંગાજળિયા પોલીસે ગુનો નોંધી ઈઈઝટ ફૂટેજ મેળવ્યા છે. ફૂટેજમાં તસ્કરનો ચહેરો અને તેની હિલચાલ સ્પષ્ટ દેખાઈ રહી હોવાથી પોલીસે તેની ઓળખ મેળવવાના ચક્રો ગતિમાન કર્યા છે. ધોળા દિવસે ધાર્મિક સ્થાનમાં થયેલી આ ચોરીને કારણે જૈન સમાજ અને સ્થાનિકોમાં સુરક્ષાને લઈને ચિંતા જોવા મળી રહી છે. પોલીસની અલગ-અલગ ટીમ હાલ આરોપીને ઝડપી પાડવા માટે તપાસ કરી રહી છે.

### નવીન ટેકનોલોજી આધારિત પહેલ માટે બોટાદ જિલ્લાને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ

# બોટાદનો મતદાર જાગૃતિમાં રોબોટિક્સનો પહેલો ઐતિહાસિક ઉપયોગ

## ટેકનોલોજીથી લોકશાહી સશક્તઃ બોટાદ જિલ્લાને ઈનોવેટીવ વોટર અવેરનેસ માટે રાષ્ટ્રીય સન્માન

રાજકોટ, તા. ૨૫

બોટાદ જિલ્લામાં મતદાર જાગૃતિ માટે અમલમાં મૂકાયેલી અનોખી અને નવીન ટેકનોલોજી આધારિત પહેલ બોટ્રોન (BOTRON)ને ૧૬મા રાષ્ટ્રીય મતદાર દિવસ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના અવસરે 'Innovative Voter Awareness Initiatives' શ્રેણી હેઠળ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે. આ શ્રેણીમાં ગુજરાત રાજ્યમાંથી માત્ર બોટાદ જિલ્લાને આ ગૌરવ પ્રાપ્ત થયું છે.

આજે આ પુરસ્કાર બોટાદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. જિન્સી રોયએ ભારતના રાષ્ટ્રપતિ મહોદયા દ્રૌપદી મુર્મુના હસ્તે નવી દિલ્હીમાં આયોજિત રાષ્ટ્રીય સમારંભ દરમિયાન સ્વીકાર્યો હતો.

આ રાષ્ટ્રીય સન્માન દ્વારા ભારતમાં ચૂંટણી પ્રક્રિયામાં રોબોટિક્સના પ્રથમ સુવ્યવસ્થિત અને સંરચિત ઉપયોગને માન્યતા આપવામાં આવી છે. આ પહેલનું વિચાર, આયોજન, અમલ , સતત દેખરેખ બોટાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું.




બોટાદ કલેક્ટર જીન્સી રોયનો ઉદેશ્ય ડિજિટલ અને રોબોટિક્સના સમન્વયથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને મતદારને વધુ શિક્ષિત કરવાનો , અસરકારક અને રસપ્રદ પધ્ધતિથી સર્વસામાન્ય નાગરિકો સુધી પહોંચાવાનો હતો. મતદાર સંબંધિત માહિતી ચોક્કસ પૂર્વગ્રહમુક્ત અને એકરૂપ રીતે જનમાનસ સુધી પહોંચે તે માટે રોબોટિક્સને યોગ્ય માધ્યમ તરીકે અપનાવીને ઇઘઝઇધ્ધ્ગ ને બોટાદ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પ્રચાર પ્રસાર માટે મૂકવામાં આવ્યો.

કલેક્ટર જીન્સી રોયના સીધા માર્ગદર્શન હેઠળ બોટ્રોનનું ડિઝાઇનિંગ, પ્રોગ્રામિંગ અને ક્ષેત્રીય સ્તરે તેનું અમલીકરણ કરવામાં આવ્યું. રોબોટમાં ચૂંટણી પંચ દ્વારા નિર્ધારિત અને મંજૂર કરાયેલા સંદેશાઓ જેમ કે મતદાર નોંધણી, મતદાર યાદી સુધારણા, નૈતિક મતદાન અને ચૂંટણી કાર્યક્રમ અંગેની માહિતી સમાવિષ્ટ કરવામાં આવી. વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચ સુનિશ્ચિત થાય તે માટે ઉચ્ચ અવર જવરવાળા જાહેર સ્થળોએ વ્યૂહાત્મક રીતે બોટ્રોનની રજૂઆત કરવામાં આવી હતી.

આ તકે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ જણાવ્યું હતું કે કલેક્ટર દ્વારા બોટ્રોનની ક્ષેત્રસ્તરની કામગીરી , નાગરિક પ્રતિસાદની નિયમિત સમીક્ષા કરવામાં આવતી હતી. ખાસ કરીને પ્રથમ વખત મતદાન કરનાર મતદારો, યુવાનો અને શહેરી વિસ્તારના નાગરિકોમાં આ પહેલે નોંધપાત્ર જાગૃતિ અને રસ પેદા કર્યો હતો. પરિણામે પરંપરાગત માનવ સંસાધન આધારિત જાગૃતિ ફેલાવનાર પ્રવૃત્તિઓ પરનો આધાર ઘટ્યો હતો અને મતદાન પ્રત્યે જન ભાગીદારીમાં વધારો થયો.

ચૂંટણી સત્તાવાળાઓએ નોંધ્યું છે કે બોટ્રોન પહેલ એનું ઉત્તમ ઉદાહરણ છે કે જિલ્લા સ્તરે વહીવટી નેતૃત્વ અને આધુનિક ટેકનોલોજીનું સંયોજન લોકશાહી પ્રક્રિયાને વધુ મજબૂત બનાવી શકે છે. આ રાષ્ટ્રીય પુરસ્કારથી બોટાદ જિલ્લાનું મોડલ સમગ્ર દેશમાં ટેકનોલોજી આધારિત મતદાર જાગૃતિ માટે અનુસરણ યોગ્ય શ્રેષ્ઠ પ્રથા તરીકે સ્થાપિત થશે.

# વાહન ચોરી-મોબાઈલ ચીલઝડપના ગુના ઉકેલાયા







## ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મુદ્દામાલ સાથે એક શખ્સની કરાઈ ધરપકડ

રાજકોટ, તા. ૨૫
શહેરમાં છેલ્લા કેટલાક સમયથી મિલકત સંબંધી ગુનાઓ, વાહન ચોરી અને રાહદારીઓના મોબાઈલ ચીલઝડપની વધતી જતી ઘટનાઓને ડામવા માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ આદેશ અન્વયે શહેરના ભીડભાડવાળા વિસ્તારોમાં પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી, એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા વણઉકેલાયેલ ગુનાઓનો પર્દાફાશ કરવામાં મોટી સફળતા મેળવી છે. ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યરત ટીમે બાતમીના આધારે ભગવતીપરા વિસ્તારમાં રહેતા એક શખ્સની ધરપકડ કરી, તેની પાસેથી ચોરીની રીક્ષા અને કિંમતી મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઈમ) ભરતસિંહ બસીયા દ્વારા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને વણઉકેલાયેલ ગુનાઓ શોધી કાઢવા આપેલી સૂચના અન્વયે ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, એલ.એલ.ડામોર તથા સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પેટ્રોલિંગ અને ટેકનિકલ સોર્સની મદદથી એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે.

આ કામગીરીમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.એન.પરમાર તથા આર.કે.ગોહીલ અને તેમની ટીમમાં જોડાયેલા એ.એસ.આઈ. અશોકભાઈ કલાક, રણજીતસિંહ પઢારીયા, વિજયસિંહ જાડેજા તથા હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર, કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઈ સબાડ, અર્જુનભાઈ ડવ, મોહીલરાજસિંહ ગોહીલ, તુલશીભાઈ ચુડાસમા તેમજ પોલીસ કોન્સ્ટેબલ ગોપાલભાઈ પાટીલ, સંજયભાઈ ખાબરીયા અને મયુરધ્વજસિંહ જાડેજાની બાતમી અને સંયુક્ત મહેનતથી ભગવતીપરા મેઈન રોડ પર રહેતા ૩૦ વર્ષીય કાનો રાજુભાઈ રાવલને ઝડપી પાડવામાં આવ્યો છે.

ઝડપાયેલા આરોપી પાસેથી પોલીસે ૪૨,૦૦૦ની કિંમતનો સિલ્વર કલરનો વન પ્લસ કંપનીનો ૧૩-આર મોડલ મોબાઈલ ફોન અને ૪૫,૦૦૦ની કિંમતની લીલા અને કાળા કલરની બજાજ કંપનીની સીએનજી ઓટો રિક્ષા નંબર ૠઉં-૧૩-ટ-૨૫૨૦ મળી કુલ ૮૭,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સાથે રાજકોટ શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) અને ૩૦૮(૨) મુજબના બે અલગ-અલગ ગુનાઓનો ભેદ ઉકેલી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરી દરમિયાન આરોપીની પૂછપરછ અને તપાસમાં રાજકોટ શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા બે મહત્વના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. આ બંને અનડિટેક્ટ ગુનાઓમાં સંડોવાયેલા આરોપી કાનો રાવલને મુદ્દામાલ સાથે ઝડપી પાડી ક્રાઈમ બ્રાન્ચે વધુ તપાસ માટે એ-ડિવિઝન પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

ફ્લેટમાં ચાલતા હાઈટેક જુગારધામ પર ક્રાઈમ બ્રાન્ચનો દરોડો

# ફ્લેટમાં ક્રિકેટ સટ્ટો અને વરલી રમતા ૫ ઝડપાયા

## વોટ્સએપ પર 'મીલન ઓપન' અને 'કલ્યાણ ઓપન' જેવા સાંકેતિક શબ્દોમાં વરલી ફીચરના આંકડા લખેલી મળી ચેટ

રાજકોટ, તા. ૨૫
શહેરના ૮૦ ફૂટ રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટમાં ચાલતા જુગારધામ પર રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસે દરોડો પાડી ઓનલાઈન ક્રિકેટ સટ્ટો અને વરલી ફીચરનો જુગાર રમતા શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં કુલ પાંચ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.




રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કરણભાઈ રાયધનભાઈ કોઠીવાળ અને તેમની ટીમને બાતમી મળી હતી કે, ૮૦ ફૂટ રોડ પર ઈકવિટી હ્યુન્ડાઈ શો-રૂમની સામે, રામેશ્વર મંદિર પાસે આવેલા સત્યમ રિવર વ્યુ એપાર્ટમેન્ટના વિંગ-એલના ફ્લેટ નં. ૨૦૪માં જુગારધામ ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખી પોલીસે ફ્લેટમાં પ્રવેશ કરતા ત્રણ શખ્સો ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમતા મળી આવ્યા હતા. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે ફ્લેટનો માલિક અતુલ બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હતો.

પોલીસે સ્થળ પરથી તેમજ તપાસ દરમિયાન પાંચ શખ્સોની ધરપકડ કરી છે. જેમાં અતુલ નટવરલાલ બગડાઈ રહે. ફ્લેટ નં. ૨૦૪, સત્યમ રિવર વ્યુ એપાર્ટમેન્ટ, વિંગ-એલ ૮૦ ફૂટ રોડ, રાજકોટ, રામદેવસિંહ બહાદુરસિંહ ઝાલાઃ રહે. શેરી નં. ૦૧, ગાયત્રી બેનસા વાળી શેરી, ન્યુ શક્તિ સોસાયટી, સંતકબીર રોડ, રાજકોટ, રાજેશ ઉર્ફે રાજુભાઈ જેન્તીલાલ શીંગાળા રહે. વિંગ-એ, ફ્લેટ નં. ૨૦૨, આર્યલેન્ડ રેસીડેન્સી, શ્યામલ સ્કાય લાઈફ એપાર્ટમેન્ટ સામે, જીવરાજ પાર્ક, રાજકોટ, ગોપાલભાઈ ગમારા (રહે. રાજકોટ) જેણે આરોપીઓને ઓનલાઈન સટ્ટા માટે આઈ.ડી. પૂરી પાડી હતી. નેમીષ મનુભાઈ ખેતાણી (રહે. કરણપરા, રાજકોટ) જે વરલી ફીચરના આંકડા લેવાનું કામ કરતો હતો.

ઓનલાઈન ક્રિકેટ સટ્ટો અને ટેકનોલોજીનો ઉપયોગપોલીસ દરોડા દરમિયાન આરોપી રાજેશ ઉર્ફે રાજુભાઈના મોબાઈલ ફોનમાં તપાસ કરતા 'MRM777' નામની એપ્લિકેશન ખુલ્લી જોવા મળી હતી. જેમાં INDIA U19 દત NEW ZEALAND U19 વચ્ચે રમાતી ક્રિકેટ મેચ પર ઓનલાઈન હાર-જીતનો જુગાર રમાતો હોવાનું ખુલ્યું હતું. આ ઉપરાંત, વોટ્સએપ પર 'મીલન ઓપન' અને 'કલ્યાણ ઓપન' જેવા સાંકેતિક શબ્દોમાં વરલી ફીચરના આંકડા લખેલી ચેટ પણ મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી ૧૪,૨૦૦ની રોકડ રકમ અને ૧૬,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ ફોન મળી કુલ ૩૦,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

કાયદેસરની કાર્યવાહી આ સમગ્ર કામગીરીમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.વી. ચુડાસમા અને મદદનીશ સબ ઈન્સ્પેક્ટર હરદેવસિંહ રઘુભા જાડેજા સહિતનો સ્ટાફ જોડાયો હતો. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારાની કલમ ૪ અને ૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. એસ.વી. ચુડાસમાને સોંપી છે. રેડ દરમિયાન પોલીસ કમિશનરના આદેશ મુજબ વિડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી જેથી પુરાવા મજબૂત બને.

# કેનેડાના વિઝાના બહાને દંપતી સાથે ૪.૧૫ લાખની ઠગાઈ

## એજન્ટોએ ફાઈલ પ્રોસેસિંગ, એમ્બેસી ફી, મેડિકલ ટેસ્ટ અને લિગલ ડોક્યુમેન્ટેશનના બહાને દંપતી ટુકડે-ટુકડે રૂપિયા પડાવ્યા

રાજકોટ, તા. ૨૫
વિદેશ જવાની ઘેલછામાં વધુ એક ગુજરાતી દંપતી છેતરપિંડીનો ભોગ બન્યું છે. પેટલાદ તાલુકાના મલાતજ ગામના એક દંપતીને કેનેડાના વિઝા અપાવવાની લાલચ આપી એજન્ટોએ કુલ રૂપિયા ૧૪.૧૫ લાખ પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે.




વિગતો જોઈએ તો આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં આવેલા મલાતજ ગામના એક દંપતી સાથે કેનેડા મોકલવાના નામે લાખો રૂપિયાની ઠગાઈ થઈ હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. વિદેશ જવાની ઈચ્છા રાખતા આ દંપતીને એજન્ટોએ કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. વિઝા પ્રોસેસ અને અન્ય કાયદેસરની કાર્યવાહીના બહાને એજન્ટોએ અલગ-અલગ સમયે દંપતી પાસેથી કુલ ૧૪.૧૫ લાખ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી.

ઘણો સમય વીતી જવા છતાં વિઝા ન મળતા અને એજન્ટો દ્વારા સંતોષકારક જવાબ ન અપાતા દંપતીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. એજન્ટોએ નાણાં પરત કરવામાં પણ ગલ્લાંતલ્લાં કરતા અંતે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. વિદેશ જવાના સપના જોતા લોકોએ આવા લેભાગુ એજન્ટોથી સાવધ રહેવું જોઈએ તેવો કિસ્સો ફરી એકવાર સામે આવ્યો છે.

મલાતજ ગામના વણકરવાસમાં રહેતા પંકજભાઈ દિનેશભાઈ શ્રીમાળીના મિત્ર સુરેશભાઈ બાબુભાઈ પરમારને ભૂમેલ ગામે રહેતા અને વિઝા કન્સલ્ટન્સીનું કામકાજ કરતા કમલેશભાઈ શીવાભાઈ ઉર્ફે સીરીલભાઈ મેકવાન સાથે ઓળખાણ હોવાથી તેઓ પરિચયમાં આવ્યા હતા. દરમિયાન કમલેશભાઈએ ઇઝરાયેલ ખાતે રહેતી પંકજભાઈની પત્ની કેતલબેનના કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાની વાત કરી હતી અને વિઝા પ્રોસેસ માટે ઓરીજનલ પાસપોર્ટની જરૂર પડશે તેમ કહેતા પંકજભાઈએ પોતાની પત્નીને ઇઝરાયેલથી પરત બોલાવી લીધી હતી. ત્યારબાદ કમલેશભાઈને કેનેડાના વર્ક પરમિટ વિઝાનું કામ સોપ્યું હતું. કમલેશભાઈએ ન્યુ દિલ્હીના પહાડગંજ ખાતે રહેતા રિતિકાબેન ભુપેન્દ્રભાઈ ડબ્બરને વિઝાનું કામ સોંપ્યું હતું અને તે પેટે પ્રથમ રૂપિયા પાંચ લાખ લીધા બાદ કમલેશભાઈએ પોતાના મોબાઈલમાં કેનેડાના વિઝાનો ફોટો બતાવ્યો હતો. ત્યારબાદ તેઓને દિલ્હી ખાતે મોકલી આપી રીતિકા ડબ્બરનો સંપર્ક કરાવતા તેણે મેડિકલ ટિકિટ માટેના પૈસાની માંગણી કરતા તેઓએ તે રકમ ઓનલાઈન મોકલી આપી હતી.

બાદમાં રિતીકાએ તેઓને બનાવટી જોબ લેટર બતાવ્યો હતો અને આમ અલગ અલગ તારીખોએ કુલ ૧૪.૧૫ લાખ રૂપિયા મેળવી લીધા હતા.ત્યારબાદ કેનેડાના વિઝાનું આગળનું કોઈ કામકાજ થયું નહોતું જેથી પંકજભાઈએ પોતે આપેલા નાણા પરત માગ્યા હતા. જોકે ભૂમેલના કમલેશભાઈ મેકવાન તથા દિલ્હીના રિતિકાબેન ડબ્બરે નાણા પરત ન આપતા પોતે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું જણાતાં પંકજભાઈ શ્રીમાળીએ સોજીત્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# જમીન માપણીના વિવાદમાં લોધિકામાં હુમલો

## મારી જમીનમાં કેમ પગ મૂક્યો, આજે પતાવી દેવો છે કહી પાડોશી દંપતીએ ખેડૂત પર લોખંડના પાઈપથી કર્યો હુમલો

રાજકોટ, તા. ૨૫
રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના આંબલીયાળા ગામે જમીન માપણી જેવી સામાન્ય પ્રક્રિયાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. પાડોશી દ્વારા કરવામાં આવેલા જમીન દબાણનો પર્દાફાશ થવાના ડરથી એક દંપતીએ ખેડૂત પર લોખંડના પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે લોધિકા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આંબલીયાળા ગામના વતની અને ખેતીકામ કરતા હર્ષદસિંહ દીલુભા જાડેજાએ અઢી મહિના પૂર્વે રવજીભાઈ સોલંકી પાસેથી એક ખેતર ખરીદ્યું હતું. આ ખેતરની ચોકસાઈ માટે તેમણે સરકારી માપણીની અરજી કરી હતી. જે અનુસંધાને તા. ૨૪ના રોજ સવારે ૧૧ વાગ્યાની આસપાસ સરકારી જરીફ (માપણી કરનાર) નિકુંજભાઈ ઢોલરીયા અને નેવીલભાઈ ટીંબડીયા સ્થળ પર માપણી કરી રહ્યા હતા. આ સમયે ફરિયાદી હર્ષદસિંહ ખેતરના શેઢે પાણીની ટાંકી પાસે બેઠા હતા.

ફરિયાદીના જણાવ્યા મુજબ, તેમની જમીનની બાજુમાં જ રમેશભાઈ ભીમજીભાઈ સોલંકીનું ખેતર આવેલું છે. માપણી દરમિયાન રમેશભાઈએ કરેલું જમીનનું દબાણ ખુલ્લું પડી જશે તેવી બીક તેમને હતી. આ બાબતની અદાવત રાખી રમેશભાઈ સોલંકી અને તેમના પત્ની સોનલબેન મોટરસાયકલ લઈને ધસી આવ્યા હતા. રમેશભાઈના હાથમાં લોખંડનો પાઈપ હતો. તેમણે ''તેં મારી જમીનમાં કેમ પગ મૂક્યો, આજે તને પતાવી દેવો છે'' તેમ કહી હુમલો શરૂ કર્યો હતો.

રમેશભાઈ પાઈપ વડે હુમલો કરી રહ્યા હતા, ત્યારે તેમના પત્ની સોનલબેને હર્ષદસિંહને મજબૂતીથી પકડી રાખ્યા હતા જેથી તેઓ પોતાનો બચાવ ન કરી શકે. રમેશભાઈએ હર્ષદસિંહના માથાના ભાગે જીવલેણ ઘા ઝીંક્યા હતા. હર્ષદસિંહે બચવા માટે પોતાના બંને હાથ માથા પર રાખતા તેમના હાથમાં પણ ગંભીર ઈજાઓ થઈ હતી. લોહીલુહાણ હાલતમાં હર્ષદસિંહે બૂમાબૂમ કરતા તેમના પુત્ર દિવ્યરાજસિંહ અને ભાઈ મયુરસિંહ દોડી આવ્યા હતા અને હુમલાખોરના હાથમાંથી પાઈપ ઝૂંટવી લીધો હતો.

ઈજાગ્રસ્ત હર્ષદસિંહને તાત્કાલિક લોધિકાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમના માથાના ભાગે થયેલી ઈજાઓમાં ટાંકા લેવા પડ્યા છે અને હાથના ભાગે એક્સ-રે સહિતની તપાસ હાથ ધરવામાં આવી છે. હોસ્પિટલના બિછાનેથી હર્ષદસિંહે રમેશભાઈ ભીમજીભાઈ સોલંકી અને સોનલબેન રમેશભાઈ સોલંકી વિરુદ્ધ લોધિકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે હત્યાના પ્રયાસ અને આડેધડ હુમલાની કલમો હેઠળ તપાસ તેજ કરી છે.



# સાંઢીયા પુલ બાબતે મનપા હજુ અવઢવમાં?

## મનપા તંત્રના મતે માર્ચ અંત અથવા તો એપ્રિલના પ્રથમ સપ્તાહમાં જ કામગીરી પૂર્ણ કરી દેવાશે : મે મહિનામાં રાજકોટને સાંઢીયા પુલ મળવાની શક્યતા : આચારસંહિતા લાગે તો શું?

રાજકોટ, તા. ૨૫

રાજાશાહી વખતના સાંઢીયા ફૂલ નવનિર્માણનું કામ હાલ જે ગતિએ ચાલી રહ્યું છે તેને જોતા એ વાત તો સ્પષ્ટ છે કે માર્ચ મહિનામાં આ બ્રિજ લોકોની સેવા માટે ખુલ્લો મુકવામાં નહીં આવે. જે અંગે હાલ અનેકવિધ અટકળો ચાલી રહી છે મળતી માહિતી મુજબ રેલ્વે ઓવરબ્રીજના જેટલા પણ પ્રોજેક્ટ રાજકોટમાં ચાલ્યા તે સમય મર્યાદાથી વધુ સમયમાં જ પૂર્ણ થયા છે અને તે સામાન્ય હોવાનું મહાનગરપાલિકાના ઈજનેરો દ્વારા જણાવવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ રેલવે ઓવર બ્રિજ એટલે કે આરોબી અને રેલવે અંડરબ્રિજ એટલે કે આરયુબી આ તમામ પ્રોજેક્ટ સમય મર્યાદાથી વધુ સમયમાં જ પૂર્ણ થતા હોય છે તેવું સ્પષ્ટ જોવા મળતું હોય છે. મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર સાંઢીયા પુલની ભેટ રાજકોટના લોકોને મે મહિનામાં મળે તેવી હાલ શક્યતાઓ સેવાઈ રહી છે એટલું જ નહીં સાંઢીયા પુલ નો પ્રોજેક્ટ માર્ચ એન્ડ અથવા તો એપ્રિલના પ્રથમ વિકમાં પૂર્ણ કરી દેવા માટે ની હાલ મથામણ પણ ચાલી રહી છે ત્યારે જોવાનું રહ્યું કે હજુ કેટલો સમય આ બ્રિજને શરૂ થતા થશે. હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લેવામાં આવે તો અત્યારે ટ્રાફિકની સમસ્યા રાજકોટમાં વિકરાળ બની છે અને આ બ્રિજનું કામ ચાલુ હોવાના કારણે ભોમેશ્વરમાં જે ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે તેના પગલે સ્થાનિકોમાં પણ ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.






વચમાં રેલવેની મંજૂરી અંગે પણ અનેકવિધ પ્રશ્નો ઊભા થયા હતા પરંતુ હાલ ગડર ટેસ્ટીંગનું કામ ચાલતું હોવાનું જાણકાર વર્તુળો જણાવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સાંઢીયા ફૂલની મંજૂરી મુદ્દે અગાઉ પણ રેલવે તંત્રને મનપા દ્વારા અનેકવિધ પત્રો લખવામાં આવ્યા હતા પરંતુ તેની જે યોગ્ય અમલવારી થવી જોઈએ અને યોગ્ય કામગીરી થવી જોઈએ તે થઈ શકી ન હતી અને ફરી વખત લોકોમાં એક ડર વ્યાપી ઊઠ્યો હતો કે હજુ કેટલો સમય આ બ્રિજના નિર્માણ કાર્યને થશે.

જામનગર રોડ પર સાંઢિયા પુલના રેલવે હસ્તકના ભાગમાં પુલની કામગીરી કરવા રેલવે તંત્રએ મંજૂરી આપી નથી. જે બાદ આ બ્રિજનું નિર્માણ કાર્ય અત્યંત ગોકળગાય ગતિએ ચાલતું હતું કારણ કે સેન્ટર પોર્શન નું કાર્ય જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી ગમે તેટલુ કામ પૂરું થયું હોય તે પૂર્ણ જ ગણાય ત્યારે હાલની સ્થિતિને ધ્યાને લેવામાં આવે તો મહાનગરપાલિકા આ બ્રિજનું કાર્ય માર્ચ એન્ડ સુધીમાં પૂર્ણ કરે અથવા તો એપ્રિલના પ્રથમ વિક સુધીમાં પૂર્ણ કરે તેવું હાલ જાણવા મળી રહ્યું છે અને તે દિશામાં જ હાલ કામગીરીને વેગ આપવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાના વહિવટી તંત્રએ સાંઢિયા પુલની કામગીરીમાં એક નહીં અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. જામનગર રોડ ઉપરના રાજાશાહી વખતના સાંઢિયા પુલનું રૂ. ૭૫ કરોડના ખર્ચે નવ નિર્માણની કામગીરીમાં મનપાની ઢીલી નીતિના કારણે અટકી ગઈ છે. સાંઢીયા પુલનું કામ આગામી માર્ચ મહિનામાં પૂરું થવાનું હતું પણ અધિકારીઓ અને વહિવટી તંત્રની બેદરકારીને કારણે પુર્ણ નહીં થાય આ કારણે પ્રજાને વધુ સમય હેરાન થવું પડશે. અત્યારે આ બ્રિજના કામને કારણે આસપાસના વિસ્તારના લોકોને આમ પણ તકલીફો વેઠવી પડે છે. અને, હજુ કેટલો સમય વેઠવી પડશે તે અધિકારીઓ કે પદાધિકારીઓ પણ કહી શકે તેમ નથી. અગાઉ માર્ચ મહિનામાં આ બ્રિજ પૂર્ણતઃ કાર્યરત થઈ જશે તેવી જાહેરાત કરાઈ હતી. પરંતુ હાલની સ્થિતિને જોતા મહાનગરપાલિકા તંત્રની બેદરકારીને કારણે હજુ સુધી જે રેલવે તંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી હોય તે ન મળતા બ્રિજની કામગીરી અટકી ગઈ છે. હવે પુલનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે તે સૌથી મોટો પ્રશ્ન છે.

પુલ સાથે અનેક સોસાયટી, વિસ્તારોમાં વસવાટ કરતા લાખો લોકોને અસરકર્તા છે. બજરંગ વાડી, પુનિત નગર, વોરા સોસાયટી, મોચી નગર, વાંકાનેર સોસાયટી, રેલવેની લોકો કોલોની તેમજ મુખ્ય એવા રેલનગર વિસ્તારના લાખો લોકો ટ્રાફિક સહિતની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. ભોમેશ્વર અને પોપટપરા જેવા ડાયવર્ઝન પર થી અવરજવર કરવા માટે દરરોજ ટ્રાફિક જામનો સામનો કરવો પડે છે. ભોમેશ્વર સહિત આસપાસના રહેવાસીઓને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. એમાં પણ સવાર અને સાંજે જ્યારે રેલવે ફાટક બંધ થાય ત્યારે ભારે ભીડ જામે છે. મહાનગરપાલિકા હસ્તકના અનેકવિધ પ્રોજેક્ટ હાલ કાર્યરત છે અને તેમાં ઘણા ખરા પ્રોજેક્ટ ઘણા સમયથી ચાલી રહ્યા છે છતાં પણ તે પૂર્ણ થયા નથી. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હવે સમયસર કામ પૂરું કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. બીજી તરફ બજેટ બાદ અને અંતિમ મતદારયાદી પ્રસિદ્ધ થયા પછી કોર્પોરેશનની ચૂંટણીઓ જાહેર થાય તેવી અટકળો ચાલી રહી છે ત્યારે ચાલુ પ્રવર્તમાન મનપા બોડી નો કાર્ય સમય પણ પૂર્ણ થવાના આડે છે ત્યારે એપ્રિલ મહિનામાં અથવા તો મે મહિનામાં પ્રોજેક્ટ ને લીલી ઝંડી આપવામાં આવશે કે કેમ તે અંગે પણ અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. બીજી તરફ જો મે માસમાં ચૂંટણી યોજાય અને જો તે પ્રથમ સપ્તાહમાં જ હોય તો એક માસ અગાઉ આચાર સહિતા લાગુ થઈ જતી હોય છે અને જો આ પરિસ્થિતિનું નિર્માણ થશે તો ફરી વખત બ્રિજ ખોલો ત્યારે અને કેવી રીતે મૂકવો તે અંગે પણ અનેકવિધ પ્રશ્નો ઊભા થશે ત્યારે હાલ મહાનગરપાલિકા અને રાજકોટના લોકો માટે સાંધિયા પુલ ક્યારે શરૂ થશે તે અંગે જો અને તો જેવી જ સ્થિતિ છે.

# NEXUS બિલ્ડીંગ ફરી વિરોધ વંટોળમાં



## કોંગી અગ્રણી લાખાણી તથા રાવલની મામલતદાર સમક્ષ રજૂઆત

રાજકોટ, તા. ૨૫

માધાપર ચોકડી પાસે આવેલા ક્રિસ્ટલ નેકસેસ બિલ્ડીંગ ગેરકાયદેસર હોવા છતાં આજદિન સુધી મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી ન હોવાની ચર્ચા જાગી છે એટલું જ નહીં તજજ્ઞ તથા કોંગ્રેસ પક્ષ દ્વારા આક્ષેપો પણ કરવામાં આવી રહ્યા છે કે તંત્રને ધ્યાને તમામ પૂર્તિ માહિતી અને વિગતો હોવા છતાં જે યોગ્ય નિર્ણય લેવામાં આવવો જોઈએ તે આપ્યો નથી ત્યારે ફરી એક વખત ક્રિસ્ટલ ગ્રુપના બાકીર ગાંધી દ્વારા બનાવવામાં આવેલું નેક્સેસ એવેન્યુ ફરી વખત વિવાદમાં આવ્યું છે ઘંટેશ્વર પાસે આવેલા બિલ્ડીંગમાં ગેરકાયદે કેન્ટીન ચલાવવામાં આવી રહી છે જે અંગેની ફરિયાદ અગાઉ પણ સ્થાનિક પ્રસાશન દ્વારા કરવામાં આવી હતી પરંતુ સમગ્ર પ્લાન ડીઉ મુજબ મંજૂર થયો હોવાના કારણે ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકાર ક્ષેત્રમાં આવતું ન હોવાના કારણે આજ દિન સુધી કોઈ નક્કર કામગીરી અથવા તો નોટિસ પણ પાઠવવામાં આવી નથી.

જાણકાર વર્તુળો અને કોંગ્રેસના સંજય લાખાણી તથા કૃષ્ણદત રાવલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે રહેણાંક માં વાણિજ્ય પ્રવૃત્તિ કરવી તે શરત ભંગ છે જે અંગે તાલુકા મામલતદારને આ બાબતે લેખિત અરજી કરવામાં આવી છે અને શરદભંગ હેઠળ કામગીરી કરવા માટેની અરજી પણ કરાઈ હોવાનું હાલ જાણવા મળ્યું છે. બીજી તરફ મહાનગરપાલિકાના ફાયર વિભાગની પણ ઢીલી નીતિ સામે આવી છે કારણ કે ક્રિસ્ટલ એવન્યુ બિલ્ડીંગનું ફાયર એનઓસી ૨૦૧૫ માં જ પૂર્ણ થઈ ગયું છે અને છતાં તેને રીન્યુ કરવામાં ન આવતા માત્ર નોટિસ આપીને જ કામગીરીનો સંતોષ માનવામાં આવ્યું હોવાનું કોંગી આગેવાનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ માધાપર ચોકડી નજીક આવેલા ઘંટેશ્વર સરવે નં.૧૪૦ પૈકીમાં આવેલા ક્રિસ્ટલ એવન્યુ નામના રહેણાક બિલ્ડિંગમાં ગેરકાયદે રીતે કેન્ટીન ચલાવવામાં આવતી હોવાની ફરિયાદ તાલુકા મામલતદાર સમક્ષ કરવામાં આવી છે. કોંગી આગેવાન સંજય લાખાણી તથા કૃષ્ણ દત્ત રાવલ દ્વારા તાલુકા મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી હતી જે માટે હોય જણાવ્યું હતું કે રહેણાંક હેતુ માટે મંજુર થયેલો પ્લાન હોવા છતાં ક્રિસ્ટલ એવેન્યુ બિલ્ડીંગના સીવિંગના પાર્કિંગમાં કોઈ પરવાનગી લીધા વગર ટેબલ ખુરશી ગોઠવી કેન્ટીન શરૂ કરી દેવામાં આવી છે જે અયોગ્ય છે અને શરતભંગ હોવાનું જાણવા મળે છે. કોઈ પણ રહેણાંક હેતુ માટે ઉપયોગમાં લેવાતો પ્લાન જો કોમર્શિયલ હેતુ માટે ઉપયોગમાં લેવાતો હોય તો તેની સામે તાત્કાલિક કાર્યવાહી સ્થાનિક પ્રશાસન દ્વારા કરવામાં આવી જોઈએ જેના ભાગરૂપે હાર્ટ ટાઉન પ્લાનિંગ વિભાગને પણ આ અંગે રજૂઆત કરવામાં આવી હતી પરંતુ પશ્ચિમ ઝોનના ટાઉન પ્લાનિંગ અધિકારી ઋષિકેશ ડાંગરે જણાવ્યું હતું કે હાલ ડી થ્રી મુજબ પ્લાન મંજૂર થયો હોવાના કારણે ટાઉન પ્લાનિંગ વિભાગ આ કિસ્સામાં કંઈ કરી શકે તેમ નથી પરંતુ રહેણાંક વિસ્તારમાં વાણિજ્ય પ્રવૃત્તિ થતી હોવાના પગલે શરદ ભંગતો થાય જ છે તેવું કોંગી આગેવાનોએ જણાવ્યું હતું. સ્થળ તપાસમાં વાત માલુમ પડી હતી કે પાર્કિંગમાં ચણતર કામ કરીને સ્ટોરેજ વ્યવસ્થા ઉભી કરી દેવામાં આવી હતી આ અંગેની ફરિયાદ સ્થાનિક રહેવાસીઓ દ્વારા પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે તાલુકા મામલતદાર દ્વારા શું પગલાં લેવામાં આવશે તે હવે જોવાનું રહ્યું તો બીજી તરફ ૨૦૧૫ થી ફાયર એનઓસી પણ રીન્યુ કરાવવામાં આવ્યું નથી ત્યારે હવે આ બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવશે કે કેમ તે અંગે પણ અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ?

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર એ વાત સ્પષ્ટ છે કે ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગ સંપૂર્ણ ગેરકાયદેસર હોવા છતાં આજદિન સુધી કોઈ કામગીરી અથવા તો તેને સીલ કરવા નું જે કાર્ય હાથ ધરાવવું જોઈએ તે થયું નથી ત્યારે એ જ બિલ્ડરનો આ ક્રિસ્ટલ લેવન્યુ પ્રોજેક્ટમાં રહેણાંકમાં કેન્ટીન શરૂ કરી દેતા હવે તંત્રની કામગીરી ઉપર પ્રશ્નો ઊભા થઈ રહ્યા હોવાનું પણ હાલ ચર્ચાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ અગાઉ ફાયર વિભાગ દ્વારા ત્રણ નોટિસ આપવામાં આવી પરંતુ કોઈ કામગીરી કરવામાં આવી નથી.

કોંગી આગેવાનોએ તાલુકા મામલતદારને પણ તંત્રની નિષ્ક્રિયતા અંગે જણાવ્યું હતું અને આ મુદ્દે યોગ્ય અને ઝડપી કામગીરી કરવા માટેની માંગ પણ કરી હતી. ક્રિસ્ટલ લેક્ચર્સ બિલ્ડિંગમાં તંત્રની ઉદાસીનતા અંગે પણ તાલુકા મામલતદાર સમક્ષ ચિત્ર રજૂ કરવામાં આવ્યો હતો ત્યારે આગેવાનોની માંગ ને ધ્યાને લેવામાં આવે અને શરતભંગની નોટિસ આપી યોગ્ય કાર્યવાહી કરવા માટે પણ અરજી કરવામાં આવી હોવાનું હાલ જાણવા મળ્યું છે.

### ભાર વગરના ભણતરની વ્યાખ્યાને પરિપૂર્ણ કરવા સરકાર હરકતમાં

# શાળાઓમાં શિસ્ત સમિતિની રચના કરવા આદેશ

## વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણમાં અભ્યાસ કરી શકે અને કોઈપણ ડર ન રહે તે માટે શિક્ષણ વિભાગે લીધો નિર્ણય : તાકીદે અમલ કરવા આદેશ

રાજકોટ, તા. ૨૫

રાજ્ય સરકારની ભાર વગરના ભણતરની વ્યાખ્યાને યોગ્ય સાબિત કરવા માટે હાલ શિક્ષણ વિભાગ દ્વારા સમયાંતરે અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ તથા સ્વનિર્ભાત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સુરક્ષા ને લઈ હાલ તંત્ર એક્શનમાં આવ્યું છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક સ્થિતિ સહેજ પણ ન ડગમગે તે માટેની જવાબદારી હાલ શિક્ષણ વિભાગ દ્વારા શાળા ઉપર ફિક્સ કરવામાં આવી છે જે અંગે વિભાગે મહત્વનો નિર્ણય પણ લીધો છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ શહેરની તમામ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સુરક્ષા ની જવાબદારી માત્ર વહીવટી પ્રક્રિયાને પરંતુ શાળાની નૈતિક ફરજ પણ બની જશે. મળતી માહિતી મુજબ દરેક શાળામાં આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓની બનેલી શિસ્ત સમિતિ ની રચના ફરજિયાત કરવી પડશે. હાલ આ અંગે જે નિર્ણય લેવામાં આવ્યો છે તેની અમલવારી તાકીદે કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. આ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓના વર્તનનું સતત અવલોકન કરવામાં આવશે અને જો યોગ્ય લાગે અને જરૂર લાગે તો તેનું કાઉન્સિલિંગ કરવા માટેની પણ સૂચના આપવામાં આવશે જેની તાકીદે અમલવારી કરવી શાળાની અને સંચાલકોની જવાબદારી રહેશે.

શિસ્ત સમિતિ દ્વારા વિદ્યાર્થીઓ જે જગ્યા પર અભ્યાસ કરતા હોય અથવા તો રમત ગમત માટે મેદાનમાં આવતા હોય તે દરમિયાન તેમની સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તે માટેની તમામ જરૂરી વ્યવસ્થાઓ પણ ઉભી કરવાની રહેશે અને તેનું અવલોકન પણ સમયાંતરે કરવું પડશે અને જો કોઈ પણ ક્ષતિ જણાય તો તે અંગેનો રિપોર્ટ શાળાના આચાર્ય, સંચાલકો તથા જિલ્લા શિક્ષણ અધિકારીને કરવાનો રહેશે. એટલું જ નહીં શિસ્ત અને સલામતીના તમામ જે નીતિ નિયમો છે તેની યોગ્ય જાળવણી અને તેનું પાલન કરવું પણ એટલું જ આવશ્યક બનશે.



શાળાના આચાર્યોએ સમયાંતરે શિસ્ત સમિતિ સાથે બેઠક કરી શાળાની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવાની રહેશે. આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને નિર્ભય અને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાનો છે, જેથી તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ થઈ શકે. આ કડક પગલાંથી વાલીઓમાં પણ રાહતની લાગણી જોવા મળી રહી છે. હવે જોવાનું એ રહેશે કે શાળાઓ આ સલામતીના ધોરણોનું કેટલી હદે અને કેટલી ઝડપથી અમલીકરણ કરે છે.

જો કોઈ શિક્ષક ગેરહાજર હોય, તો વિદ્યાર્થીઓને વર્ગખંડમાં એકલા છોડી શકાશે નહીં. ફરજિયાતપણે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખવા પડશે. શાળામાં સલામતી કે શિસ્ત સંબંધિત કોઈ પણ અનિચ્છનીય ઘટના બને, તો તેની તાત્કાલિક જાણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને કરવાની રહેશે. શાળાઓને માત્ર શૈક્ષણિક સંસ્થાઓ તરીકે જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓ માટે એક સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે સ્થાપિત કરવાનો સરકારનો નિર્ધાર છે.

આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ અને ભૂતકાળમાં બનેલી ઘટનાઓને ધ્યાને રાખી શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે મહત્વનો અને યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો છે હવે પ્રશ્ન ઉભો એ થાય છે કે વિવિધ શાળાઓ આ નિયમની અમલવારી જ્યારે અને કેવી રીતે કરશે. જો યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે તો જવાબદારી કોની ફિક્સ હશે તે અંગે પણ યોગ્ય નિર્ણય લેવો ખૂબ જરૂરી છે. શાળા પરિસરમાં આવતા વિદ્યાર્થીઓ સુમેળ ભર્યા વાતાવરણમાં અભ્યાસ કરે તે ખૂબ જરૂરી છે ત્યારે જરૂર લાગે તેમનું મનોવૈજ્ઞાનિક ઢબથી કાઉન્સિલિંગ કરવું પણ એટલું જ આવશ્યક બની રહેશે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાન ને લઇ જિલ્લા શિક્ષણ અધિકારીએ પણ સમયાંતરે વિવિધ શાળાઓની સરપ્રાઈઝ વિઝીટ કરી ખરી વાસ્તવિકતા અને ખરી પરિસ્થિતિ શું છે તેનો તાગ મેળવવાનો રહેશે.

હાલ થોડા સમય પૂર્વે જ શિક્ષણ વિભાગની તમામ કામગીરી ઓનલાઈન કરવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે તેની અમલવારી પણ તાકીદે શરૂ કરવા જણાવ્યું છે જેથી શિક્ષણ વિભાગ અને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી સંપૂર્ણ પેપર લેસ થાય અને સરકાર અને શિક્ષણ વિભાગ પણ સમયાંતરે શહેર અને જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા કરવામાં આવતી કામગીરીનું અવલોકન કરી શકે.